Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૩૦ • તા.૨૦થી ૨૬ જુલાઇ ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## મસ્જીદબંદરે શ્રી અનંતનાથ ૨૪ જિનાલય તીર્થે...
## પૂ.સા. જયદર્શિતાશ્રીજી મ.સા.આ.ઠા-૨ નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ









૧૪.૭.૨૦૧૩ સામૈયાની તસ્વીર ઝલક : શ્રી યોગેશ લલિત પટેલ - દિનેશ સ્ટુડિયો (મસ્જીદબંદર)

## અરિહંત બેંકને હાર્દિક અભિનંદન



'કચ્છશક્તિ' એવૉર્ડ સ્વીકારતા બેંકના ડાયરેક્ટર્સ

'કચ્છશક્તિ' દ્વારા આ વર્ષે અન્ય કચ્છી પ્રતિભાઓને બીરદાવવા સાથે શ્રેષ્ઠ બેન્કીંગ સેવા માટે અરીહંત કો.ઓપ. બેંકને પણ પ્રતિષ્ઠિત 'કચ્છશક્તિ' એવૉર્ડ એનાયત કરાયેલ. આ સિધ્ધિ માટે અને સામાન્ય નાગરીકોને વધુ ઉપયોગી બેંક સુવિધા આપી બેંકે જે પ્રગતિ કરી છે તે બદલ હાર્દિક અભિનંદન અને હજુ ભાવિમાં બેંક ઉત્તરોતર પ્રગતિ સાધે એવી શુભેચ્છાઓ...

શુભેચ્છક

KHUSHAL SHAH GROUP OF COMPANIES

DHARAMSHI RESORTS PVT. LTD.

DHARAMSHI HOLDINGS AND DEVELOPERS PVT. LTD.

DRL LOGISTICS PVT. LTD.
(Logistics and Supply Chain Management)

R. K. LOGISTICS

R. K. DEVELOPERS

Khushalchand D. Shah
Mobile
09844002300,
09449053053

# પ્રથમ પુણ્યતિથીએ પિતૃતર્પણ...



**જન્મ :**
**તા. ૧૪.૦૨.૧૯૩૯**

**દેહવિલય :**
**તા. ૨૭.૦૭.૨૦૧૨**

## સાંધવરત્ન શેઠશ્રી મુલજીભાઈ રાઘવજી લોડાયા (સાંધવ)

### "પિતા એટલે વાત્સલ્યનું અક્ષયપાત્ર"

વડલો જોઈને નમી પડું છું, દરેક વૃક્ષમાં કરું છું આપના દર્શન.
આકાશ સામે જોઉં છું અને આપના વિચાર-વાત્સલ્યનું જ પ્રતિબિંબ નિહાળું છુ.
રાત્રે તારલિયાઓથી મઢેલા છત્ર નીચે હું મારી જાતને અનુભવું છુ આપની પાસે.
મારા પૂજ્ય પિતાશ્રી, આપ નજીક હો કે દૂર ક્ષણેક્ષણ આપના સ્મરણથી સભર છે,
હૃદયમાં છલકે છે આપના પવિત્ર વચનોની સ્નેહગંગા,
જે સતત અમને આપે છે માર્ગદર્શન, લાગણી, હૂંફ અને નિરાંત.

**શોકાતુર**

**પત્ની : કાંતાબેન મુલજીભાઈ લોડાયા**

પુત્રી–જમાઈ : અ.સૌ. જયશ્રી – ડૉ. કાંતીલાલ નરશી દંડ
અ.સૌ. આશા – નરેશ લક્ષ્મીચંદ સોની
અ.સૌ. મનીષા – બકુલ પંઢરીનાથ પાટીલ

દોહીત્ર–દોહીત્રી : દિનેશ અને અમીત દંડ
પૂજા સોની
નિર્મિત અને વિહા પાટીલ

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
: સહતંત્રી :
ચંપક જીવાણી-09820808077

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 30/2013

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# જૈન એકતા

***ગચ્છના બહુ ભેદ નયને નિહાલતાં તત્વની વાત કરંતા ન લાજે.***
***ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકાં, મોહ નડિઆ કલિકાલ રાજે. (૧૪:૩)***

**- આનંદઘનજી**

વિશ્વની ત્રણ અબજની માનવ વસ્તીમાં લગભગ પચાસ લાખ જ જૈનો હશે. કોઈ એક કરોડની સંખ્યા પણ કહે છે, પણ જે હોય એ, જૈન અતિ અલ્પ સંખ્યામાં તો છે જ. આ ધર્મ અતિ પ્રાચીન છે એના શ્રુત ભંડારોમાં અમુલ્ય અને અસંખ્ય જ્ઞાન ભર્યું છે. જગતને વિશ્વશાંતિ અને સુખનો રાહ દર્શાવી શકે એવા સિદ્ધાંતો એની પાસે છે. ભૂતકાળમાં ગાંધીજીએ અહિંસાના શસ્ત્રથી ભારતને આઝાદી અપાવી. આ શસ્ત્ર જૈનોના શાસ્ત્રમાં છે. અહિંસા એ જૈન ધર્મનો આત્મા છે. ગીતા તો યુદ્ધ ભૂમિમાં સર્જાઈ. ગીતા મહાન છે. આ ગીતામાં જીવન માટે ઊંડાણભર્યું તત્વજ્ઞાન છે. પણ, અહીં અર્જુનને યુદ્ધ કરવાનો આદેશ ભગવાન કૃષ્ણ આપે છે. ભગવાન મહાવીરે યુદ્ધ કરવાનું ક્યારેય કોઈને કહ્યું નથી.

મહાવીરે તો માનવની ભીતરમાં રહેલા રાગ-દ્વેષ, માન, લોભ, મોહ જેવા અરિ-દુશ્મન સામે લડવાનું કહ્યું છે. પણ દુઃખની ઘટના એ છે કે આ જૈનો સંપ્રદાયના નામે અંદરોઅંદર જ લડે છે. રાગ-દ્વેષ વધારે છે. મતભેદોની દિવાલ મોટી થતી જાય છે. ભગવાન મહાવીરે જે મોહને નષ્ટ કરવા કહ્યું, એ મોહ જ સંપ્રદાયમાં ફૂલ્યો ફાલ્યો છે. સંપ્રદાયના મોહને કારણે જ મંદિરની માલિકી માટે આ વર્ગ કોર્ટમાં ભેગો થાય છે, આમને-સામને, અને મતભેદ, મનભેદ અને મનદુઃખ પાસે પહોંચી ગયા છે. જે પ્રતિમા આપણને વ્હાલી છે એના ઉપર કેટલા દુષ્કર્મો થાય છે! એક પક્ષ પોતાના હકના દિવસે ચક્ષુ કાઢે, બીજો પક્ષ પોતાના હકના દિવસે ચક્ષુ ચોંટાડે. આ પ્રતિમાઓ ક્યારેક બોલે તો, એ આ બધાંને શું કહે? કલ્પના તો કરો.

હમણાં જ થોડાં સમય પહેલા મુંબઈમાં એક મંદિરના પટાંગણમાં એક સરસ, ઉત્તમ જૈન પુસ્તકમેળો યોજાયો હતો. જૈનોએ ઉત્સાહભેર ભાગ લીધો, અને મોટી સંખ્યામાં જૈન ધર્મના એક પંથની જાણકારી મેળવી પુસ્તકો પણ ખરીધા. પરંતુ આ પુસ્તકમેળામાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના જ પુસ્તકોને સ્થાન હતું. મેં આયોજકોને પૂછ્યું, તો અન્ય સંપ્રદાયના મુલાકાતીને તમે પ્રવેશ આપશો? એમણે હા પાડી. અન્ય સંપ્રદાયના જ્ઞાનને આવકાર નહિ! પણ વ્યક્તિને આવકાર? કારણકે પોતાના સંપ્રદાયના પુસ્તકો વેચાય!! અને પ્રચાર પણ થાય!!

ધર્મ એક, પણ દરેક સંપ્રદાયની સંવત્સરી જુદી. સન ૨૦૧૨ માં પાંચ સંવસ્તરી? જૈનેતર વર્ગ પૂછે, તમે કઈ સંવત્સરીવાળા? કારણકે આપણું 'મિચ્છા મિ દુક્કડમ્' પ્રસિદ્ધ છે. જૈન મિત્રોને આ 'મિચ્છા મિ દુક્કડમ્' શબ્દ સંવત્સરીમાં પહોંચાડવો એવો શિષ્ટાચાર અજૈનો સમજે છે. સરકાર કહે, તમારે કોની સંવત્સરીની રજા જોઈએ છે? કઈ સંવત્સરીએ કતલખાના બંધ રાખવા? એક મત થઈને આવો, ત્યાં સુધી બધાંની બધી સંવત્સરીએ ભલે હિંસા થતી? ઈસ્લામધર્મી ભાઈઓ કહે છે, અમારા ધર્મમાં ચાર પત્નીની મંજૂરી છે, પણ અમારી ઈદ તો એક જ છે. શીખભાઈઓ કહેશે, ભલે અમે કટાર રાખીએ પણ અમારી ગુરૂનાનક જયંતિ એક છે. આવું જ રામનવમી, જન્માષ્ટમી, મહાશિવરાત્રી, બુદ્ધ જયંતિ, આ બધાં શુભ દિવસો એક જ દિવસે. અને અતિ શુભમા માનનારા જૈનોની સંવત્સરી પાંચ? જૈન યુવા વર્ગને શું ઉત્તર આપવો? આવા મતમતતાંતરો છે એટલેજ તો આ વર્ગ પોતાના જૈન ધર્મથી વિમુખ થતો જાય છે. જૈનતર સમાજ પાસે આપણે હાંસીપાત્ર થઈ રહ્યા છીએ, છતાં આ દિશામાં કોઈ પ્રતિષ્ઠિત જૈન શ્રાવક-શ્રાવિકા કે સાધુ-સાધ્વી નેતૃત્વ લેવા તૈયાર નથી?! પચાસેક વર્ષ પહેલાં આવો પ્રયત્ન થયેલો, પરિણામ ન આવ્યું એટલે વર્તમાનમાં ચૂપ બેસવાનું?

માણસની પ્રજ્ઞા વધે એટલે બુદ્ધી મંથનમાથી નિજી મત જન્મે, આ મત આગળ જતાં આગ્રહમાં દઢ બને, આ આગ્રહમાંથી 'અહં' નું સર્જન થાય, આ અહં વિસ્તરે એટલે નવા સંપ્રદાયનો જન્મ થાય. એમાંથી ગુણપૂજા ગૌણ બને અને વ્યક્તિપૂજા પ્રધાન બની જાય, અને અનુયાયીઓ તો અતિ ભક્તિભાવે 'સ્વ' બુદ્ધિ છોડી એ પર બુદ્ધિથી જ દોરવાતા જાય. આમ વર્તુળો મોટા થતા જાય.

ઈતિહાસ અને શાસ્ત્ર તરફ દષ્ટી કરીએ તો ભગવાન ઋષભદેવની ઉપસ્થિતિમાં મરિચીએ નવો પંથ સ્થાપ્યો હતો. ભગવાન મહાવીરની ઉપસ્થિતિમાં ગણધરોએ સમજાવ્યા છતાં ભગવાન મહાવીરના જમાઈ જમાલીએ નવો પંથ સ્થાપ્યો હતો.

મહાવીરે પ્રભુની પાટે પાંચમા ગણધર સુધર્માસ્વામી બિરાજ્યા, એટલે વર્તમાનમાં જે જૈન સાધુઓનો પરિવાર છે તે સઘળો સુધર્માસ્વામીનો પરિવાર છે.

ભદ્રબાહુસ્વામીના સ્વર્ગવાસ પછી શ્વેતાંબર દિગંબર બે ભાગ પડ્યા એટલે મહાવીરના નિર્વાણના ૬૦૯ વર્ષ પછી એટલે વિક્રમ સંવત ૧૩૯માં રથવીપુરમાં દિગંબર મતનો પ્રારંભ થયો. આ પંથના સ્થાપક શિવભૂતિ વિશે એક કથા લગભગ આ પ્રમાણે છેઃ

શિવભૂતી સંસાર ક્ષેત્રે એક મોટા-મહાન યોદ્ધા હતા. રાજાના માનીતા હતા. એક વખત રાત્રે ઘરે મોડા આવ્યા. અને પત્નીને ગુસ્સો આવ્યો, અને એણે પોતાની સાસુને એટલે શિવભૂતિની માતાને દરવાજો ખોલવાની ના પાડી. દરવાજો જો ખોલ્યો એટલે બહારથી શીવભૂતિએ પૂછ્યું, હવે આ મોડી રાત્રે હું ક્યાં જાઉં? ત્યારે માતાએ અંદરથી જ ગુસ્સામાં કહ્યું. કે,જા જે ઘરનો દરવાજો ખુલ્લો હોય ત્યાં જા. શિવભૂતિ ગામમાં નીકળ્યા. બધાં ઘરના દરવાજા બંધ હતા, માત્ર એક ઉપાશ્રયનો દરવાજો ખુલ્લો હતો. શિવભૂતિ ત્યાં ગયા અને જૈન સાધુઓની રાત્રીચર્યા અને દિનચર્યા જોઈને પ્રભાવિત થયા અને ત્યાં જ આચાર્ય આર્યકૃષ્ણથી દિક્ષીત થયા. બધું તજ્યું, પણ રાજાએ વીરતાના ઈનામ તરીકે શિવભૂતીને એક રત્નજડિત કાંબળો આપ્યો હતો, તેના તરફનો એમનો મોહ છૂટતો ન હતો. એક વખત શિવભૂતિ ગોચરી વહોરવા બહાર ગયા હતા ત્યારે એમની ગેરહાજરીમાં ગુરુએ એ રત્નકંબલના ટુકડે ટુકડા કરી નાખ્યા. શિવભૂતિ ગોચરી લઈને આવ્યા અને કંબલના ટુકડા જોઈને દુઃખી થયા. થોડા ઊંડો વિચાર કરતા એમને સમજાયું કે આ પરિગ્રહ અને મોહ જ દુઃખનું કારણ છે, એટલે હવે આ વસ્ત્ર પણ શા માટે પહેરવા? આમ વિચારી એમણે વસ્ત્રનો ત્યાગ ર્ક્યો અને દિગંબર (દિગ્=દિશા, અંબર =વસ્ત્ર) માત્ર દિશા જ જેનું વસ્ત્ર છે એવા **દિગંબર** બન્યા, અને એમના પંથને દિગંબર પંથ નામ અપાયું.

આ પંથમાં અનેક સાધુ ભગવંતો જોડાયા. સ્ત્રીઓને પણ ઈચ્છા થઈ, પરંતુ સાધ્વીઓએ તો વસ્ત્ર પહેરવા જ જોઈએ એવો નિર્ણય લેવાયો, પરિણામે દિગંબર પંથમાં સાધ્વીઓ પણ જોડાઈ. સ્ત્રી સાધ્વી વસ્ત્ર પહેરે એટલે એને મોક્ષ પ્રાપ્તિ ન મળે એવો વિચાર વહેતો થયો. અહીં આપણને પ્રશ્ન થાય કે મોક્ષ તો આત્માને મળે છે, શરીરને નહિ, તો સ્ત્રી આત્મા મોક્ષનો અધિકારી કેમ નહિ?

આ દિગંબર પંથમાં એની જ એક શાખા યાપનિય પંથ સ્થપાયો, જે સ્ત્રીઓને પણ મોક્ષનો અધિકાર છે એમ માનતો. આ પંથે ખૂબ પ્રગતિ કરી અને એ પ્રસિધ્ધ પણ થયો. અને ધણો સમય જીવંત રહ્યો. પરંતુ એ સમયના પ્રવાહમાં કે અન્ય સંપ્રદાયના ઉત્થાનને કારણે વિલીન થઈ ગયો. વર્તમાનમાં ભાગ્યે જ આ પંથ વિશે કોઈ જાણતું હશે એવો એ માત્ર આ જૈન ઈતિહાસનું એક પૃષ્ટ બની રહ્યો.

ભગવાન મહાવીરની પહેલાં ભગવાન પાર્શ્વનાથના સમયમાં સાધુઓ વિવિધ રંગના વસ્ત્રો પહેરતા, પરંતુ ભગવાન મહાવીરે શ્વેત રંગની આજ્ઞા કરી એટલે ત્યાર પછીના શ્રમણ-શ્રમણીઓ શ્વેત વસ્ત્રો પહેરતા એ **શ્વેતાંબરી** કહેવાયા.

જૈન મૂર્તિપુજા અત્યંત પ્રાચીન છે. પાંચ હજાર વર્ષ પહેલાં મૂર્તિપૂજા હતી એની પ્રતીતિ મોહન-જો ડેરોના અવશેષોમાંથી મળે છે.

આમ પ્રારંભમાં શ્વેતાંબર અને દિગંબર બે પંથો થયા.

આ દિગંબર પંથમાં આજે લગભગ ૨૦ પેટા પંથ છે. આ પંથ નવકારના પાંચ પદમાં માને છે, 'નમો' નહિ ણમો ઉચ્ચાર આ પંથને માન્ય છે. એમણે ૪૫ આગમોનો નિષેધ ર્ક્યો અને એમણે પોતાના આગમો **'સમયસાર'** વગેરેની કાળક્રમે રચના કરી.

વિક્રમ સંવત પહેલા ૪૭૦ વર્ષે ભગવાન મહાવીર ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી નિર્વાણ પામ્યા પછી એક હજાર વરસ સુધી નવા નવા સંપ્રદાયોનો ઉગમ થયો. કેટલાંક સ્થિર થયા કેટલાંક વિલીન થયા એની વિગતમાં વિશેષ ન ઊતરતા છેલ્લાં હજાર વરસમાં કેટલાં સંપ્રદાયોનો ઉગમ થયો અનું વિહંગદર્શન કરીએ તો આપણને આશ્ચર્ય થયા વગર નહિ રહે. સંપ્રદાય કે ગચ્છનો ઉગમ વિશેષતઃ વ્યક્તિના નામથી થયો, એટલે ગુણપૂજા કરતા વ્યક્તિપૂજા કેટલી વિશેષ હતી એની પ્રતીતિ થશે. એ સમયની જેટલી માહિતી પ્રાપ્ત છે એટલી અહીં પ્રસ્તુત છે. સંવત વિક્રમ સંવત સમજવી.

ચંદ્રસૂરિએ ચંદ્રગચ્છ, સામંતભદ્રસૂરિએ વનવાસી ગચ્છ, ૧૧૫૯માં પુનમિયા ગચ્છ, ૧૧૬૦માં

જિનવલ્લભસૂરિએ ખરતરગચ્છ સ્થાપી મહાવીરના પાંચ નહીં છ કલ્યાણકોની પ્રરૂપણા કરી. ૧૧૬૯માં આર્યરક્ષીતજી દ્વારા અચલગચ્છ, ૧૧૭૧ માં ધનેશ્વરસૂરિ દ્વારા વિશાળગચ્છ, ૧૨૩૬માં સાર્ધપૂર્ણમિયક ગચ્છ, ૧૨૫૦ આગમિક અથવા ત્રણ થૂઈ વાળો ગચ્છ, ૧૨૮૫ માં વડગચ્છનું તપાગચ્છમાં પરિવર્તન, ૧૫૦૮માં લુકા નામના વણિકે લોકાગચ્છ, અહીં મૂર્તીપૂજાનો નિષેધ, ૧૫૭૨માં બીજમત, ૧૫૭૫માં પાર્થચંદ્ર મત, ૧૭૧૨ ઢુંઢિયાગચ્છ, ૧૮૧૮માં સ્થાનકવાસીનો એક નવો ફાંટો તેરાપંથ.

અવધૂત આનંદઘનજીના સમયમાં ૮૪ ગચ્છો હતા!

અને આજે પણ કેટલા ગચ્છ છે? જૂઓ, મૂર્તિપૂજકમાં ૨૫ ગચ્છ, જે મૂર્તિપૂજા, ૪૫ આગમો અને ભક્તામરની ૪૪ ગાથા તેમ જ નવકારના નવ પદ માને. સ્થાનકવાસીના ૨૩ ગચ્છ, જે નવકારના પાંચ પદ માને, ૩૨ આગમો જ માને, મૂર્તીપૂજાને નિષેધ, ભક્તામરની ૪૮ ગાથા માને. દિગંબરના ૨૦ પંથ, જે પોતાના આગમો અને નવકારના પાંચ પદ માને. કવિ પંથ એટલે શ્રીમદ્ રાજચંદ્ર પંથમાં ત્રણ પંથ અને હમણાં એક દાદા ભગવાનનો અક્રમ વિજ્ઞાન.

કેટલા થયાં? લગભગ બહોંતેર. ઉપરના ત્રણ પેરગ્રાફમાં કાંઈ ભૂલ હોય તો ક્ષમા કરી ભૂલ દેખાડવા વિનંતી. કદાચ સંવતની ભૂલ હોવાની શક્યતા છે પણ મૂળ વાત તો જૈન ધર્મમાં અનેક સંપ્રદાયોની છે, જે છે જ.

પણ આપણે ક્યાં હતા ક્યાં છીએ? ત્યાંના ત્યાં જ.

જૈન ધર્મ એક જિવીત ધર્મ છે. એમાં સ્વસ્થ જીવન જીવવાની કલા છે. આ ધર્મમાં વર્ગભેદ નથી, વર્ણભેદ નથી, શ્રેણિક રાજા અને સામાન્ય માનવ તેમજ ચારે વર્ણ એક સાથે બેસી શકે છે એટલો એ ઉદાર છે. કર્મના મહાન સિધ્ધાંત દ્વારા એ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. અપરિગ્રહ અને સાપેક્ષવાદ જેવા મહાન સિધ્ધાંતો જગતને જૈન ધર્મે આપ્યા, જે વિશ્વને શાંતિના શિખરે બિરાજાવવા સમર્થ છે.

વિવિધ સંપ્રદાયોમાં અટવાયેલા આ અતિ પ્રાચીન અને મહાન ધર્મમાં શું એકતા શક્ય નથી?

ના, શક્ય નથી. પ્રત્યેક સંપ્રદાયના મૂળ એટલાં ઊંડા ઉતરી ગયા છે કે હવે આ એકતા શક્ય નથી, છતાં અન્ય દષ્ટિકોણથી એકતા શક્ય છે. મુખ્ય સંપ્રદાયો, શ્વેતાંબર મૂર્તિપૂજક, દિગંબર, સ્થાનકવાસી અને તેરા પંથ, આ સંપ્રદાયના વિવિધ પેટા સંપ્રદાયોનું એના મુખ્ય સંપ્રદાયમાં વિલીનકરણ થાય તો આજે જે મતભેદો, મનભેદો સુધી પહોંચ્યા છે ત્યાંથી પાછા વળી મતભેદો સુધી જ રહે, કેમકે, આખરે તો સાપેક્ષવાદ અને અનેકાંતવાદ જૈન ધર્મનો આત્મા છે!

ભારત જૈન મહામંડળ અને જૈન ગ્રુપો આ દિશામાં ઉત્તમ પ્રયત્ન કરી રહ્યા છે, એ સંસ્થાના સમારંભ-સમારોહમાં જૈન ધર્મના બધાં જ ફિરકાના સભ્યો સાથે બેસે છે, સાથે આરોગે છે અને અન્ય વ્યવહારો માટે સંમત થાય છે. બસ, પ્રત્યેક ગચ્છ-સંપ્રદાયના સભ્ય પ્રતિજ્ઞા લે કે અમારા મતભેદો માટે અમે કોર્ટ કચેરીનો આશરો નહિ લઈને અન્ય સમાજ-ધર્મમાં હાંસીપાત્ર નહિ થઈએ. આટલું થાય તો પણ ઘણું છે. એક મત ભલે ન બને પણ એક મંચ તો બને જ બને.

અને એથીય વિશેષ એ કે પ્રત્યેક જૈન પ્રતિજ્ઞા લે કે પોતાના સંસારમાં બાળક જન્મ લે ત્યારે એ બાળકને એ યુવાન થાય ત્યાં સુધી આગળ પાછળ કોઈ પણ લેબલ લગાડયા વગર એવું શીખવાડે કે એ પોતાની જાતને જૈન, માત્ર જૈન તરીકે જ ઓળખાવે. આમ થાય તો સો વરસ પછીનો જૈન ધર્મનો ઈતિહાસ કંઈ જૂદો અને ઉજળો હશે જ.

સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચરિત્રથી મોક્ષપ્રાપ્તી શક્ય છે, એ ઉપરાંત અન્ય સિધ્ધાંતો તો બધાં જ જૈન સંપ્રદાયમાં સ્વીકાર્ય છે, જ્યાં છે ત્યાં વિચારભેદ લગભગ નથી, આચરભેદ જ છે.

જે જૈન ધર્મમાં જ્ઞાન અને તપ કેન્દ્ર સ્થાને છે, એ જૈન ધર્મ આજે વિવિધ બાહ્ય ક્રિયાકાંડો અને ઉત્સવ-મહોત્સવમાં અટવાઈ ગયો છે.

કોઈ સત્ય અંતિમ સત્ય નથી અને કોઈ પરિસ્થિતી અંતિમ નથી, પણ આ 'વિચાર' જ અંતિમ સત્ય છે, એટલે નિરાશ થવાની જરૂર નથી. જરૂર છે પુરુષાર્થની, નેતૃત્વની.

પૂજ્ય શ્રીમદ્ રાજચંદ્રના પત્રાંક ૧૨૭: "સમુદાયના કલ્યાણ અર્થે જોતાં બે પર્યુષણ દુઃખદાયક છે. પ્રત્યેક મતમતાંતર સમુદાયમાં વધવા ના જોઈએ, ઘટવા જોઈએ." સંવત ૧૯૪૬.

***ગચ્છ મતની જે કલ્પના, તે નહિ સદ્ વ્યવહાર,***
***ભાન નહિ નિજ રૂપનું, તે નિશ્ચય નહિ સાર,***
***આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય,***
***થાશે કાળ ભવિષ્યમાં, માર્ગ ભેદ નહી હોય.***

આત્મસિધ્ધિ શાસ્ત્ર, ગાથા-૧૩૩,૧૩૪.

સંપ્રદાય સરિતા છે, જૈન ધર્મ મહાસાગર છે. આ મહાસાગરમાં સર્વ સરિતા સમર્પિત થાઓ.

અહંનું વિગલન થાવ. પછી એકતા અને મોક્ષ ક્યાં દૂર છે?

*મિચ્છામી દુક્કડમ્*

**- ધનવંત શાહ (પ્રબુદ્ધ જીવન)**

## સગપણ સેતુ

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ મોકલો. એ પરિચય ઉપરથી પસંદગીનો ક્રમાંક લખી જણાવી અમને આપના સંતાનનો બાયોડેટા મોકલો. એ વિગત આપના પસંદગીના ઉમેદવારના પરિવારને જણાવીશું. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી. આપ ઈચ્છો તો આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ કોલમ વાર ભરી મોકલો અને સગપણ સેતુમાં ભાગ લો. કુંડલી-ફોટા અમને મોકલવા નહીં.

| ક્ર. | માહિતી પત્રક | ૫૩૪ | ૫૩૫ | ૫૩૬ | ૫૩૭ | ૫૩૮ | ૫૩૯ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | પુરૂષ | પુરૂષ | સ્ત્રી | સ્ત્રી | સ્ત્રી | પુરૂષ |
| ૨ | નુખ/અટક/ઓળખ | મોતા | નાગડા | નાગડા | લોડાયા | સાંયા | નાગડા |
| ૩ | જન્મ તારીખ | ૧.૯.૮૮ | ૧.૮.૮૮ | ૨૮.૯.૮૫ | ૫.૨.૮૩ | ૨૭.૪.૯૦ | ૧૫.૯.૮૫ |
| ૪ | વય (વર્ષ) | ૨૪ | ૨૫ | ૨૭ | ૩૦ | ૨૪ | ૨૭ |
| ૫ | ઉંચાઈ (સે.મી.) | ૫'-૭'' | ૫'-૧૦'' | ૫'-૨'' | ૫'-૨'' | ૫'-૧'' | ૫'-૭'' |
| ૬ | વજન (કી.ગ્રા.) | ૬૮ | ૬૫ | ૬૩ | ૭૫ | ૫૦ | ૬૨ |
| ૭ | વર્ણ | ઘઉંવર્ણો | ઘઉંવર્ણો | ઘઉંવર્ણી | ઘઉંવર્ણી | ગોરી | ગોરો |
| ૮ | શિક્ષણ/અભ્યાસ | B.Com. | B.Com. | B.E. (Comp) | M.Com. | B.Com. | M.B.A. |
| ૯ | નોકરી/ધંધો | નોકરી | નોકરી | નોકરી | બ્યુટીશ્યન (મહેંદી) | નોકરી | નોકરી |
| ૧૦ | હાલ વસવાટનું ગામ | ડોંબિવલી | સાંગલી | મુંબઇ | મુંબઇ | અમદાવાદ | મુંબઇ |
| ૧૧ | પાત્રના શોખ | પ્રવાસ પર્યટન | – | – | – | – | – |
| ૧૨ | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી | નથી | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | ૨૧,૦૦૦ | ૧૫,૦૦૦ | ૩૫,૦૦૦ | – | – | ૩૫૦૦૦ |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | અવર | અવર | અવર | અવર | અવર | અવર |
| ૧૫ | કુંડલીમાં માનો છો ? | હા | હા | ના | ના | હા | હા |
| ૧૬ | મંગળ/શનિ છે ? | નથી | નથી | મંગળ | નથી | નથી | નથી |
| ૧૭ | ફોટો મળશે ? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૮ | સામેના પાત્રનું અપેક્ષિત શિક્ષણ | ભણેલી | ભણેલી | ભણેલી | સુશિક્ષિત | – | અંગ્રેજી ભણેલી |
| ૧૯ | તમારી પાત્ર અંગે વિશેષ પસંદગી/અપેક્ષા | મિલનસાર સંસ્કારી | મિલનસાર સંસ્કારી | મિલનસાર સુશિક્ષિત | નિર્વ્યસની વેલસેટ મિલનસાર | મિલનસાર | મિલનસાર |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | સંસ્કારી | સુશીલ | સંસ્કારી | પરિવારપ્રેમી મિલનસાર | પરિવારપ્રેમી | મિલનસાર હસમુખ |
| ૨૧ | સીધો સંપર્ક ઇચ્છતા હો તો ફોન નં.(સ્વૈચ્છિક) | 9887292499 | - | - | 022-25643249 9819070287 | | 9372611171 8888098998 |

**આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)**

મોકલનાર વાલીનું નામ : ______________ ઉમેદવારનું નામ : ______________

સરનામું : ______________________________

______________________________ ફોન : ______________

૭મા અધિકૃત વ.પ. ના કુટુંબ ક્રમાંક : ______________ સહી : ______________

# હાર્દિક અભિનંદન

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોઇમ્બતુર તથા લાલા ગામનું ગૌરવ



## ચિ. રોનક જીતેન ચીમનલાલ દંડ (લાલા-કોઇમ્બતુર)

ચિ. રોનકે B.Tech (Civil) ઇન્જીનીયરીંગ અમ્રીતા યુનિ. કોઇમ્બતુરથી કરીને 95% ગુણાંક સાથે તે વિભાગમાં પ્રથમ આવી **ગોલ્ડ મેડલ** મેળવ્યું છે. તેની આઇ.આઇ.ટી. દિલ્હીમાં આગળ અભ્યાસ માટે પસંદગી થઇ છે. હવે તે કન્સ્ટ્રક્શન ટેક્નોલોજી અને મેનેજમેંટમાં M.Tech કરશે. આ સિધ્ધિ બદલ સમસ્ત પરિવાર ગૌરવ અનુભવે છે. તેને હાર્દિક અભિનંદન અને યશસ્વી ભાવિની શુભેચ્છાઓ...

### શુભાશિષ

દાદી-દાદા : **હંસાબેન ચીમનલાલ દંડ**
મમ્મી-પપ્પા : **મીના જીતેન દંડ**
કાકી-કાકા : **હેમા ઉપેન દંડ**
ફઇ-ફુઆ : **દક્ષા રાજેન્દ્ર ગોસર**
બહેનો : **શ્વેતા જીતેન દંડ**
**અશ્વીની ઉપેન દંડ**
**ખુશ્બુ અને ધ્વની ગોસર**
**મયુરી મૈશેરી**

નાની-નાના : **ઇંદુમતી મણીકાંત દામજી મૈશેરી**
મામા : **મધુકાંત મણીકાંત મૈશેરી**
મામી-મામા : **પદમીની પ્રેમકાંત મૈશેરી**
માસી : **સ્વ. નીતા અશ્વીન દૌલત**
માસા : **અશ્વીન લક્ષ્મીચંદ દૌલત**
ભાઇઓ : **પ્રતિક, ધવલ દૌલત**
**અને કરણ મૈશેરી**

**SHREE SHAKTHI COURIER**
429, D.B. Road,
Next to ICICI Bank, R. S. Puram,
Coimbatore - 641002.
(Courier) 0422-4365147 / 3012299
Mob. : 093448 32018 / 093445 27575

**SHREE SHAKTHI STATIONERY**
6, Rangaswamy Road,
Opp. Kikani Matric School, R. S. Puram,
Coimbatore - 641002.
Stationery - 0422-4368985
Mob. : 093445 27574 / 076677 63391

Resi. Tel. : (0422) 2543132

**COURIER OFFICES :**
Mumbai, Rajkot, Ahmedabad, Baroda, Surat, Manavadar, Botad, Sendhwa, Indore, Aurangabad, Tirupur, Erode, Salem and many Places in INDIA.

# શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલી

**રજી. કાર્યાલય :** શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય, વીરા શોપીંગ સેન્ટર, ૧લે માળે, સ્ટેશનની સામે, ડોંબિવલી (ઈ) ૪૨૧૨૦૧.
**વહીવટ કાર્યાલય :** શ્રી સુવિધિનાથ જિનાલય, કલ્પતરૂ અચલગચ્છ ભુવન માનપાડા રોડ, ડોંબિવલી (ઈ) ૪૨૧૨૦૧ ફોન : (૦૨૫૧) ૨૪૪૯૬૦૫

## શ્રી સંઘની વાર્ષિક સાધારણ સભા

શ્રી સંઘના સર્વે આજીવન સભ્યોને જણાવવાનુ કે શ્રી સંઘની વાર્ષિક સાધારણ સભા **તા.૨૭.૭.૨૦૧૩**ને શનિવારના રાત્રે ૯ કલાકે શ્રી સુવિદ્યીનાથ જિનાલયે, અચલગચ્છ ભવન માનપાડા રોડ, ડોંબિવલી (ઇસ્ટ) મધ્યે મળશે. શ્રી સંઘના સર્વે આજીવન સભ્યોને સમયસર પધારવા વિનંતી.

**-: કાર્યસુચી :-**

(૧) ગત સભાની મીનીટ્સનું વાંચન અને બહાલી
(૨) વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના વાર્ષિક આવક-જાવકના ઑડીટેડ હિસાબો અને રીપોર્ટ રજુ કરી બહાલી આપવા બાબત
(૩) વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે ઑડીટરની નિમણુંક અને તેઓનું મહેનતાણું નક્કી કરવા બાબત
(૪) વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન ફાળવવામાં આવેલ વિવિધ દાનોને બહાલી આપવા બાબત.
(૫) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય બાબત ચર્ચાય તે

**નોંધ : કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ એજ સ્થળે, એજ દિવસે મળશે, જેમાં થયેલ કાર્યવાહી કાયદેસરની ગણાશે.**

***- લિ. માનદ્ મંત્રીઓ***

## શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલી (વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના હિસાબો બાબત)

શ્રી સંઘના આજીવન સભ્યોને શ્રી સંઘના વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના ચોપડાઓ, આવક-જાવકના હિસાબો તથા ઑડિટેડ રિપોર્ટ તા.૧૯.૭.૨૦૧થી તા.૨૬.૭.૨૦૧૩ સુધી શ્રી સંઘની પેઢી શ્રી સુવિધીનાથ જિનાલય, અચલગચ્છ ભવન, માનપાડા રોડ, ડોંબિવલી (પૂર્વ) મધ્યે સવારના ૧૦.૩૦થી ૧૨.૦૦ દરમ્યાન સભ્યોને જોવા માટે ખુલ્લા રહેશે.

આજીવન સભ્યો લેખીતમાં અરજી કરી ચોપડાઓ, હિસાબો જોઇ શકશે. હિસાબો બાબત કોઇ પ્રશ્ન હોય તો તા.૨૬.૭.૨૦૧૩ સુધી પેઢીપર લેખીતમાં આપવા. ઉપરોક્ત હિસાબોને શ્રી સંઘની તા.૨૭.૭.૨૦૧૩ના વાર્ષિક સભામાં બહાલી આપવામાં આવશે.

***- લિ. માનદ્ મંત્રીઓ***

## શ્રી સંઘના આંગણે વિવિધ ચાતુર્માસિક આરાધનાઓ

શ્રી સંઘના સુવિધિનાથ જિનાલયે અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની પ.પૂ.સા.શ્રી અભયગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા **પ.પૂ. સા.શ્રી વિરાગગુણાશ્રીજી મ.સા.,** પ.પૂ. સા.શ્રી ઋજુગુણાશ્રીજી મ.સા. પ.પૂ.સા.શ્રી રમ્યકિરણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી જિનરાજગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ચાતુર્માસાર્થે પધાર્યા છે, પૂજ્યશ્રીની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન વિવિધ આરાધનાઓની શરૂઆત થઇ ચુકી છે. પૂજ્યશ્રીના તત્ત્વસભર પ્રવચનો દરરોજ સવારે ૭ થી ૮ તથા સવારે ૯.૧૫ થી ૧૦.૩૦ દરમ્યાન રહેશે. સકલ શ્રી સંઘને ચાતુર્માસિક આરાધનાઓમાં ઉલ્લાસભેર લાભ લેવા વિનંતિ છે. ખાસ સવારે ૭ થી૮માં ભાઇઓ લાભ લઇ શકે તે માટે સવારે પ્રવચન ગોઠવવામાં આવેલ છે. ભાઇઓને ખાસ પ્રવચન શ્રવણનો લાભ લેવા વિનંતી.

# પાસ થયા - હાર્દિક અભિનંદન




**પાર્થ સંદીપ મોતા**
અમદાવાદ
SSC - 82%



**કિંજલ અજય ખોના**
મલાડ
SSC - 77.60%



**ભુપેશ શાંતિલાલ ધરમશી**
નિઝામાબાદ
B.Tech. (C.S.E) 70%



**તેજસ મહેન્દ્ર ખોના**
ભાંડુપ
B. Com



**વિનીતા મયુર ગોસર**
ડોંબિવલી
CA



**વિરલ શાંતિલાલ ધરમશી**
નિઝામાબાદ
F.Y. int. MEC 85%



**રોનક ચીમનલાલ દંડ**
કોઇમ્બતુર
B. Tech (Civil)




**જુવીન વિમલેશ દંડ**
માટુંગા
B.Com 64.28%



**માનસી રાજેશ લાપસીયા**
મુલુન્ડ
SSC - 82.67%



**જીનલ પંકજ લોડાયા**
ચાલીસગામ
M.Com (I) 72%



**હર્ષ પંકજ નાગડા**
પુના
SSC - 96.4%



**પ્રિયંકા ચેતનકુમાર લોડાયા**
કોઇમ્બતુર
SSLC - 94%

શુભેચ્છાસહ.....

*Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

**C.H.A.No.11-0404**

શુભેચ્છાસહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.


## હાર્દિક અભિનંદન

## ગોસર તથા નાગડા પરિવારનું ગૌરવ

ચિ. વિનિતાએ CAની પરીક્ષામાં ઊચ્ચાંકે ઊર્તીણ થઇ બન્ને પરિવારનું ગૌરવ વધારેલ છે. ભાવિ સાફલ્યની શુભેચ્છાઓ....



**ચિ. વિનિતા મયુર ગોસર**
**(બારોઇ-ડોંબિવલી)**



**શુભાશિષ**

| | | |
|---|---|---|
| દાદાણાં | : | **માતુશ્રી કસ્તુરબાઇ લક્ષ્મીચંદ ગોસર (બારોઇ-ડોંબિવલી)** |
| નાનાણાં | : | **માતુશ્રી લીલબાઇ કુંવરજી ધનજી નાગડા (ગોએરસમા-સેંધવા)** |
| માતા-પિતા | : | **સૌ. ચંદા મયુર ગોસર (ડોંબિવલી)** |
| ફઇ-ફૂઆ | : | **સૌ. ચંદ્રકલા જીગદીશ મૈશેરી (લાલા-વડાલા)** |
| મા-બાપ | : | **સૌ. તરલા શ્રેણીક લક્ષ્મીચંદ ગોસર (ડોંબિવલી)** |
| માસી-માસા | : | **સૌ. પ્રિયા દેવેન્દ્ર મોમાયા (સાંયરા-ડોંબિવલી)** |
| મામા-મામી | : | **સૌ. શીતલ મહેશ નાગડા (સેંઘવા)** |
| | | **સૌ. વંદના ભરત નાગડા** |
| ભાઇ | : | **ચિ. રોહન મયુર ગોસર** |

**સંપર્ક :**
**Mob. : 9892289341**
**Tel. : 0251-2406239**




## આપણી ફરજ શું ?

પ્ર.સ. અંક-૨૫માં 'ચર્ચાને ચોતરે' આવેલ કલ્પેશ મોતા દ્વારા 'મુંબઇ મહાજનના અધિકારીઓની અપરિપક્વ હરકતો' વાંચી અચરજ પામ્યા છીએ. આપણી આવી મોભી સંસ્થા શ્રી મુંબઇ ક.દ.ઓ. જૈન મહાજન દ્વારા થતી છોકરમત વિષે જાણ્યું. જે હકિકત જાણ્યા પછી લેખકને અભિનંદન આપવા જોઇએ કે તેમણે મુંબઇ મહાજનશ્રી દ્વારા થતી ક્ષતિઓ જ્ઞાતિના ધ્યાન પર લાવ્યા છે. મુબઇ મહાજનશ્રી પોતાની જુની પ્રથા પ્રમાણે જ્ઞાતિપત્રોને જન્મ, સગપણ, લગ્ન ઇત્યાદીની સઘળી માહિતી જ્ઞાતિપત્રોને મોકલવાનું ફરીથી અમલ કરશે. તેવો અમને વિશ્વાસ છે.

**ડોંબિવલી-૧૫.૭.૧૩ – મહેન્દ્ર માલશી લોડાયા**

## જીવ-હિંસા

રાજસ્થાન મેવાડમાં કુંભલગઢ નામના સ્થળે અમે ચાર બહેનો પ્રકૃતિનો આનંદ માણવા ગયેલ. અરાવલી પર્વતના જંગલમાં અમે એક રિસોર્ટમાં રોકાયેલ. વરસાદ વરસીને ગયો હતો એટલે જમીન ઉપર રેંગવાવાળા કીડાઓ હજારોની સંખ્યામાં ચાલતા હતા. એક એક પગલું જોઇને ચાલવું પડતું હતું. ખૂબજ સાવધાનીપૂર્વક અમે ચાલતા હતા પણ અસંખ્ય કીડાઓ જમીન ઉપર કચડાઇને મરેલા પડ્યા હતા. અનેક જાતિના લોકો ત્યાં હતા. આપણાં સાધુ-સાધ્વી ભગવંતો ચોમાસામાં વિહાર ન કરે એ વાતની જાણ પ્રત્યક્ષ આંખોથી આ જોયા પછી થઇ. ખરેખર જૈન ધર્મ મહાન છે. અસંખ્ય કીડાઓ મૃત અવસ્થામાં જોઇને ખુબજ દુઃખ થયું. ચોમાસામાં બને ત્યાં સુધી ઘરમાંજ રહેવું અને પ્રવાસ ન કરવું એ વાતની જાણ થઇ. અમે પણ જંગલમાં રહેતા હતા પણ આટલા મોટા પ્રમાણમાં જીવ-હિંસા જોઇ ન હતી. અમે ખુબજ સાવધાનીપૂર્વક ચાલીને અમારાથી થતી જીવ-હિંસા રોકી હતી.

**નાગપૂર-૧૩.૭.૧૩ – પુનમ મોમાયા**

## આપણી મૂળ અટકો

આજકાલ જ્ઞાતિજનોને પોતાની મૂળ અટક લખવા શરમ આવે છે. એટલે શાહ, જૈન કે ઓસવાલ પાછળ લખી નાખે. આપણી જે પણ વડિલોની મૂળ નુખ અટકો લોડાયા, ખોના, દંડ, નાગડા ઇત્યાદી જે પાછળના અનેક વર્ષોથી ચાલતી આવી રહી છે. તેજ વાપરવી જોઇએ. આ બાબતનો ઉલ્લેખ કરવો જરૂરી છે.

**જલગામ-૧૫.૭.૧૩ – શાંતિલાલ હીરજી લાપસિયા**

## ખોના અને નાગડા પરિવારનું ગૌરવ



**કુ. કિંજલ અજય ખોના** - SSC - 77.60%
(રંગપુર-મલાડ)

કુ. કિંજલ ખોના SSC - 77.60% ગુણાંક મેળવી પરિવારનું નામ રોશન કરેલ છે. શૈક્ષણિક સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન... અંબેમાં અને સરસ્વતી માં ની અસીમ કૃપા કિંજલના જીવન પર સદા વરસતી રહે એવા આશિર્વાદ...

**શુભઆશિષ**

| | |
|---|---|
| દાદાણાં | : **માતુશ્રી સુશીલાબેન જેઠાલાલ ખોના** |
| નાનાણાં | : **માતુશ્રી શાંતાબેન કિલાચંદ નાગડા** |
| માતા-પિતા | : **નમ્રતા અજય ખોના** |
| કાકી-કાકા | : **પ્રિતી રાકેશ ખોના** |
| લાડલા ભાઇ | : **ઉર્વિલ અને સ્મીત** |

## જખૌ તથા બાંઢીયા મૈશેરી પરિવાર

બાંઢીયામાં બીરાજમાન શ્રી આશાપુરા માતાજી તથા ખેતરપાળ દાદાને નમતા જખૌ તથા બાઢીયાના મૈશેરી પરિવાર તથા નિયાણી બહેનો જોગ.

આપણી કુળદેવીની સમુહ પહેડી આયોજનની એક મીટીંગ રવિવાર તા.૨૮.૭.૧૩ના સાંજે ૪ થી ૫ વાગે, ઓફિસ નં.૧૦૩, ઊમંગ, આર.આર. રીયાલીટી, ટેંક રોડ, એલ.બી.એસ. માર્ગ કોર્નર, ભાંડુપ (વે), મુંબઇ-૭૮.માં રાખેલ છે. ફોન : 25959601 તો સહુ ભાવિકો સમયસર પધારશોજી.

**સંપર્ક :** ભોઇમાં-મમતા અમીષ મૈશેરી-9870763677

EXIM™
LOGISTICS SOLUTIONS
we help you globalize

*Exim Transtrade (India) Pvt. Ltd.*
**APPOINTMENTS - BARODA BRANCH (ALKAPURI)**
**Executive Accountant**

Candidate must • Have fair knowledge of day to day accounting such as Bank Book , Cash Book, Ledger, Voucher & Journal entries. • Proficient in preparing Bank Reconciliation Statement and in handling day to day Banking activities. • Should have knowledge of Filing of all Statutory returns as PF, PT, TDS, Service Tax, Income Tax etc. (Exp 2-5 years)

**Interested Candidates are requested to forward their latest Resume on the below mentioned E mail ID:**

**hr@exim.ws**

website: www.exim.ws

## ઇતિહાસ-પ્રકાશ

## 'જ્ઞાતિનું એક દાનવીર કુંટુબ'
## પૂરક માહિતી

પ્ર.સ.માં ઉપરોક્ત વિષયક લેખના સંદર્ભમાં એકજ પરિવારના સભ્યના નાતે થોડાક સુધારા-વધારા અત્રે રજુ કરું છું.

(૧) શેઠ ડોસાભાઇના દોહિત્ર માણેકજીભાઇ અને તેમના નાના ભાઇ ભોલીભાઇ જેઓ ગોદીમાં હમાલીનું કામકાજ જોતા.

(૨) શેઠ લધાભાઇને એક પુત્ર દેવજીભાઇ અને તેમને બે પુત્ર ઝવેરચંદભાઇ તથા લક્ષ્મીચંદભાઇ.

(૩) શેઠ ખેતશીભાઇને હીરજીભાઇ તથા તેમના પુત્ર હીરાચંદભાઇ.

(૪) શેઠ સોજપાલભાઇને બે પુત્ર વિસનજી તથા શિવજીભાઇ તેમને અનુક્રમે દામજી તથા નરશી અને ડુંગરશી અને વીરચંદ, દામજીભાઇને ત્યાં સોમચંદ તથા ચીનમલાલ.

(૫) શેઠ હેમરાજભાઇને ત્યાં શામજીભાઇ અને તેમને એક દિકરો ચંદ્રકાંત.

**- નરશી વિસનજી દૌલત** (ઘાટકોપર )

## (૨) દાનવીર શેઠ ખેતશી ખીંયશી

'પ્રકાશ-સમીક્ષાના' ૨૨.૬.૧૩ના અંકમાં ઉપરોક્ત લેખમાં મુખ્યત્વે એમણે કરેલ સખાવતોની વિગતો આપેલ છે. એમના ઐશ્વર્ય અંગેની વિગતો નથી. મેં મારા પિતાજી શ્રી દેવજી દામજી ખોનાના મુખે સાંભળેલી કેટલીક રસપ્રદ વાતો જાણવી જ્ઞાતિજનોને ગમશે.

કલકત્તામાં મળનાર જૈન કોન્ફરન્સ અંગે ફાળો એકઠો કરવા ગોડીજી દેરાસર મધ્યે વિવિધ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની એક મિંટીગ મળેલ. મારા દાદા શા.દામજી માવજી અનંતનાથજી ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીના રૂએ આ મીટીંગમાં હાજર રહ્યા હતા. ફાળો લખાવવાની કાર્યવાહી શરૂ થઇ. હાજર સર્વેના આંકડાઓ સેંકડા કે વધીને હજારમાં આવતા હતા. કોન્ફરન્સનો અંદાજિત ખર્ચ ખૂબજ મોટો હતો લાખોમાં.

ક.દ.ઓ. જ્ઞાતિજનોના અનંતનાથજી ટ્રસ્ટવતી મારા દાદાનો વારો આવતા એમને રૂા. દસ લાખનો આંકડો લખાવ્યો. સૌ ચોંકી ઉઠ્યા અને એમને ભેજાગેપ સમજવા લાગ્યા. એમને બે/ત્રણ વખત કરી ફરીને પૂછ્યું લખાવેલ આંકડો બરોબર હતો કે કેમ ? કે તેમાં કંઇ ભૂલ હતી ?

દાદા એમના આંકડાને વળગી રહ્યા. આખરે એમને દાતાને નામ આપવાનું કહેવામાં આવ્યું. એમને નામ આપ્યું શેઠ ખેતશી ખીયશી.

અન્ય કોઇ વ્યક્તિનું અપાયેલ નામ સાંભળીને સૌને વધારે આંચકો લાગ્યો. પૂછવામાં આવ્યું દાતા સાથે તમારો શું સબંધ ? જવાબ, અમારી જ્ઞાતિના એક આગેવાન દાનવીર છે. અને અમારા વેવાઇ થાય. ફાળો કન્ફર્મ કરાવવા માટે ખેતશી શેઠને ફોન કરતા એમને ફાળો મંજૂર રાખ્યો અને રકમ અત્યારેજ મંગાવી લેવા જણાવ્યું.

અન્ય ટ્રસ્ટીઓ ભાવવિભોર થઇ ગયા. તરતજ બેંડ બોલાવીને શેઠશ્રીને મીંટીગમાં તેડી લાવવા નિકળ્યા અને વાજતે-ગાજતે મીંટીગમાં તેડી લાવ્યા. એમને કલકત્તા કોન્ફરન્સના પ્રમુખ તરીકે તુરતજ નિયુક્ત કરવામાં આવ્યા.

કોન્ફરન્સમાં હાજર રહેવા શેઠશ્રી સ્પેશીયલ ટ્રેન કરીને સગાવહાલાં અને જ્ઞાતિજનોને કલકત્તા તેડી ગયા.

વેવાએ આપેલ જવાબને પણ કેટલું માન રાખવામાં આવતું તેનું આ એક ઉમદા ઉદાહરણ છે. પ્રમુખ તરીકેનું એમનું વહીવટ ઉમદા હતું. જેની ભરપેટ પ્રસંશા કરવામાં આવી. મહાજની મીટીંગોમાં બન્ને વેવાઇઓ સામસામેની પાર્ટીમાં હતા. પણ એ બાબત ફક્ત મહાજનની મીંટીગ સુધીજ મર્યાદિત રહેતી આગળ નહી. આજના આગેવાનો આમાંથી ધડો લેશે ?

**- પ્રવીણ દેવજી ખોના** (મુંબઇ


## શ્રી અરિહંત ટ્રેડીંગ

કચ્છના-પેંડા, પકવાન, ગોપાલની ચીકીઓ, અથાણાં, મોટા આસંબીયાની ખારેક (ઇઝરાયેલ), રોટલા રાપરનાં, ગુજરાતનું ફરસાણ, ભાદરણના મગ, રાજકોટના મગજોર નડિયાદી મિક્સ કઠોળ, સુરતી નાનખટાઇ, કાજુવાળા બટર, પુનાની ખારી, ખંભાતનું હસવાસન, ખંભાતના પાપડ વડોદરાની લીલા રંગની નારીયેલ પાણી શીંગ, ચેમ્બુર તીથનું ફરસાણ, મિઠાઇ, શિયાળાના પાકો, અડદીયા, ગુંદરપાક, ખોપરાપાક, ખજુરપાક, મગદળીયા લાડુ, આર્ડરથી મળશે.

**ફ્રી હોમ ડીલવરી**

**સંપર્ક : કીર્તિ શીવજી મૈશેરી**

**Mob. : 9920089346 Off. : 9930823619**

**આપનો વિશ્વાસ એજ અમારી સફળતા**



**મરમજા મોતી :** બે પંક્તિમાં અંકિત
કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૩૫)
**- સોમ ધરમશી** (કચ્છ)-09825372464

**પચીસમું તીર્થંકર માજન ચોવાજે ઇજ પાંજી શાન**
**''તેજ'' ધનભાગ મુંજા, જુકો મુંજો કેં બહુમાન...**

**શબ્દાર્થ :** ઊપરની પંક્તિઓ કવિશ્રી તેજ તરફથી ૧૫.૭.૧૨નાં ભાંડુપ (મુંબઇ)માં શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનનાં નેજા હેઠળ, શ્રી મુંબઇ મહાજનનાં અર્થ સહયોગથી તેમના માનમાં આયોજીત અમૃત મહોત્સવ પ્રસંગે, શ્રી લાલ રાંભિયા અને સાથી કલાકારો દ્વારા પ્રસ્તુત 'તેજ જો અવાજ' કાર્યક્રમમાં, તેમની કચ્છી સાહિત્યની અવિરત સેવાને બીરદાવવામાં આવી ત્યારે તેમના હૃદયની સરવાણીમાંથી ઉદ્‌ભવેલા ઉદ્‌ગારને ઉજાગર કરી જાય છે.

કવિની જીવનયાત્રામાં એ દિવસે સોનાનો સુર્ય ઉગ્યો હતો કારણકે. કચ્છી સાહિત્ય અકાદમી કે કેન્દ્રિય સાહિત્ય અકાદમી અને અન્ય સંસ્થાઓ તરફથી મળેલા પુરસ્કારોની પાધમાં જ્ઞાતિ મહાજન તરફથી કરાયેલું સન્માન મોરપિંછની જેમ શોભી રહ્યું હતું.

કવિની રસભરી કલમ અવિરતપણે ચાલી રહી છે. ઉપરોક્ત પ્રસંગે તેમના ૩૧માં પુસ્તક 'વનાડો'નું લોકાર્પણ થયેલું અને ત્યારબાદ ૩૨માં પુસ્તક 'વાવલ'માં કવિશ્રીએ ઉપરોક્ત રચનાને સ્થાન આપી મહાજન પરંપરાનો ગદગદીત થઇ આભાર માન્યો છે.

કવિશ્રી, ઉપરોક્ત પંક્તિમાં મહાજન પરંપરાને ગરીમા અને ગૌરવતા બક્ષતા તેને પચ્ચીસમા તીર્થંકર સાથે સરખાવે છે. આજથી ૭૦-૮૦ વર્ષ પહેલાં કચ્છમાં મહાજન પરંપરા અતિ પ્રચલિત હતી અને ''મહાજન ચે સે મત્થે તેં'' એમ સાંભળવા મળતું. તે વખતે મહાજનના મહાનુભાવો પાસે અનુભવનું ભાથું, સામાજિક નિષ્ઠા અને સમાજ પ્રત્યે સંવેદના-લાગણીની ભાવના હતી.

પંચ પરમેશ્વર જે ન્યાય તોળતો તે બધાને સર્વમાન્ય રહેતો અને તે રીતે મહાજન પણ સમાજ માટે જે નક્કી કરે તે પણ માન્ય રહેતું હતું. નાના મોટા કેટલાય વાદવિવાદો આ મહાજન પરંપરામાં સંવાદ દ્વારા નિર્ણય પામતા અને બન્ને પક્ષોને સંતોષ થતો. કોર્ટ કચેરીનાં બારણાં જોવાની ભાગ્યેજ જરૂરત પડતી.

આજે જ્ઞાતિમાં શ્રી સમસ્ત ક.દ.ઓ. મહાજન પુનઃ કાર્યન્વિત થઇ મહાજન પરંપરાને વધુ ઉજાગર કરવા અને અસરકારક બનાવવા પ્રયત્નશીલ છે. જે અનુમોદનીય છે. તેમજ કવિશ્રી તેજને ૭૬મા વર્ષમાં પદાર્પણ કરતાં, પ્રભુ તેમના શરીર સ્વાસ્થયને જાળવી રાખે અને તેમની પાસેથી કચ્છી સાહિત્યની અવિરત રસધાર આપણને મળતી રહે એજ સભ્યર્થના...

## નવા-પ્રકાશન

### જૈન દર્શનની શ્રેષ્ઠતા (જિજ્ઞાસા ભાગ-૨)

સંકલન : **લક્ષ્મીચંદ ચાંપશી દંડ** (લાલા-ઘાટકોપર) લાલ બંગલો, દેવ આશિષ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (પૂર્વ), ફોન : (૦૨૨) ૨૫૦૧૧૪૫.

આ પુસ્તકના પ્રથમ ભાગમાં મહાવીર પ્રભુના હાથે દિક્ષિત શ્રી ધર્મદાસ ગણી કૃત 'ઉપદેશ ગ્રંથમાળા' પર પૂ.સા. કાવ્યરત્નાશ્રીજી મ.સા.એ વર્ષ ૨૦૧૨ના કોઇમ્બતુરમાં શંખેશ્વર જિનાલયનાં ઉપાશ્રયે ચાતુર્માસ દરમિયાન કરેલા પ્રવચનોનું સારરૂપ સંકલન છે. પુસ્તકનો બીજો ભાગ 'સાચા શ્રાવક બનીએ' મૂળે આ.શ્રી કેસર સૂરીશ્વરજી દ્વારા લિખિત 'ગૃહસ્થ ધર્મ' પરથી સંકલનકારે તૈયાર કરેલ સંકલન છે.

પ્રથમ ભાગમાં સદ્‌ગુરુનો મહિમા પ્રધાન ધર્મ, ગુણોમાં શિરમોર, રાગ-દ્વેષની ભયંકરતા, ભાવના ભવની નાશિની અને આપણા પૂર્વજો વગેરેની વાત થઇ છે.

પૂ.આ.ભ.શ્રી કેસરસૂરીશ્વરજી મ.સા. ની૪૦ વર્ષ જુની હસ્તપ્રત પરથી તૈયાર થયેલ 'સાચા શ્રાવક બનીએ' સંસાર ત્યાગ સિવાય પણ શ્રાવક-શ્રાવિકા તરીકે જીવતા ઘણાં સારા પરિણામો મેળવી શકાય છે તેની પ્રતિતી કરાવે છે. આ ઉપરાંત પણ કેટલુંક મહત્વનું સંકલન છે. એકંદરે થોડામાં ઘણું સમજાવતું આ સંકલન છે. સંકલનકારને ખૂબ ખૂબ અભિનંદન...

### માનવજ્યોતનું ઉપયોગી પ્રકાશન : 'શ્રેષ્ઠદાન'

માનવસેવાને મહેંકાવતા 'માનવજ્યોત' પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટે 'શ્રેષ્ઠદાન' પુસ્તક પ્રકાશિત કર્યુ છે.' જેમાં રક્તદાન, ચક્ષુદાન, કીડનીદાન, લીવરદાન, ચર્મદાન, અવયવદાન અને દેહદાન વિશે સવિસ્તાર માહિતી સંકિલત કરવામાં આવી છે.

વિવિધ સેવાભાવીઓના મોબાઇલ નંબર, સંસ્થાના નામ-સરનામા, ટેલીફોન નંબર વગેરે છાપી આ સેવાકાર્યને સામાજિક કાર્યકરો માટે સરળ બનાવ્યું છે.

આ પુસ્તક વિનામુલ્યે માનવજ્યોત ટ્રસ્ટ, નિત્યાનંદ એપાર્ટમેન્ટ ડૉ. આર.પી. રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૮૦. પરથી મળે છે. ગરીબ-જરૂરતમંદોના કલ્યાણાર્થે કામ કરતી આ સંસ્થાને સ્વૈચ્છિક દાન આપી આ પુસ્તક લઇ શકાશે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સામાજિક કાર્યકર શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયાએ તેનું સુંદર સંકલન કર્યુ છે.


શુભેચ્છાસહ.....
**શીતલ કોટન ટ્રેડર્સ**
**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**
**(રંગપુર-કોઇમ્બતુર)**

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર — જ્ઞાતિ સમાચાર — વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## મસ્જીદબંદરે ચાતુર્માસ પ્રવેશ

મસ્જીદબંદરમાં શ્રી અનંતનાથ ૨૪ જિનાલય તીર્થમાં પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને પૂ.સા.શ્રી હિમાંશુશ્રીજી મ.સા. આ.ઠા.નું ચાતુર્માસ પ્રવેશ ૧૪.૭.૧૩ના સવારે શુભમુહૂર્તે ચીચબંદર ક.વિ.ઓ. સમાજવાડીથી વાજતે ગાજતે ભવ્ય સામૈયાથી થયો. આ શોભાયાત્રામાં બહેનોએ બેડાં શણગારી અને નાના છોકરાઓએ જૈનધર્મના બેનર્સ અને નારા દ્વારા સહભાગી થયા. પ્રવેશ પ્રસંગે વિવિધ સંઘોમાંથી અગ્રણીઓ, ગામવાસીઓ અને પરાંઓમાંથી ભાવિકો પધારેલ. બહારગામથી પણ ભાવિકો પધારેલ. શ્રી અનંતનાથ ટ્રસ્ટ, મુંબઇ મહાજન અને મસ્જીદબંદર સંઘના અગ્રણીઓ અને કાર્યકરોએ આનંદ ઉત્સાહ ઉમંગથી સૌનું સ્વાગત કરી આવકારેલ.

પુજ્યશ્રી સાથે અનંતનાથ જિનાલયે સકલસંઘે સમુહ ચૈત્યવંદન-દર્શન કર્યા. ઉપાશ્રયે ગોઠવાયેલ ધર્મસભામાં પૂજ્યશ્રીએ માંગલિક ફરમાવેલ. પૂ.સા.શ્રી હિમાંશુશ્રીજીએ ચાતુર્માસ આરાધનાની પ્રેરણા કરી. પૂજ્યશ્રીના ગુરૂપુજન અને ચરિત્ર-સુત્ર વહોરાવવાના ચડાવા બોલાવાયા. જેનો લાભ શ્રી હીરજી શીવજી અને શ્રી દામજી કુંવરજી પટેલ પરિવાર (આદિનાથ રોડવેઝ)એ લીધેલ.

આ પ્રસંગે સ્થાનિક અગ્રણીશ્રી આબિદભાઇએ પધારીને જણાવેલ કે, આપણી સૌની આત્મીય સ્મૃતિના અંશ એવા શેઠ કેશવજી નાયક કુંવારાનું શુશોભીકરણ અને જિર્ણોધ્ધાર શક્ય તેટલું ત્વરીત કરવા પગલા લેવાશે એવી હૈયાધારણ આપેલ. મહાજનપ્રમુખ શ્રી નયન ભેદા દ્વારા તેમનું બહુમાન કરાયેલ. શ્રી નયનભાઇએ સૌનું સ્વાગત કરી સૌને એક થઇ વિકાસની દિશામાં આગળ વધવા આહવાન કરેલ. મહાજનશ્રીનો પ્રવૃતિ અહેવાલ અને સૂત્ર સંચાલન માનદમંત્રી શ્રી ચેતન મોતા અને શ્રી રાજેશ છેડાએ કરેલ.

ચાતુર્માસના મુખ્ય લાભાર્થી શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર (સુથરી) છે.

શ્રી શંત્રુજય મુક્તિ સમ્યગ જ્ઞાન અભ્યાસક્રમનાં પ્રથમ વર્ષના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામો અને શિષ્યવૃત્તિઓ એનાયત કરી સન્માન કરાયેલ. અને ઉત્તીર્ણ છાત્રોને પ્રમાણપત્રો અપાયેલ. કાશ્મિરાબેન લોડાયા અને ઇંદિરાબેન વિકમશીએ જૈનોલોજીના આ કોર્સ વિશે માહિતી આપી

અંતે આભાર દર્શન, સંઘપુજન અને પ્રભાવના થઇ. અંતે સૌએ સંઘજમણનો લાભ લીધેલ.

## મુંબઇ મહાજનશ્રી દ્વારા ખીચડીદાન યોજના

મુંબઇ મહાજનશ્રીના ઉપક્રમે વ્ય. સમિતિના સભ્ય શ્રીમતિ મધુરીબેન મુલચંદ લોડાયા (તેરા)ના સ્મરણાર્થે મસ્જીદબંદરે કુવારાપાસે દર બુધવારે જરૂરતમંદોને ખીચડીદાન આપવાની યોજનાનો શુભારંભ ૧૪.૭.૧૩ના પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીના ચાતુર્માસ પ્રવેશદિને શ્રેષ્ઠીશ્રી રાયચંદ હંસરાજ ધરમશી (સુથરી)ના હસ્તે થયો. આ પ્રસંગે સકલ સંઘની સારી હાજરી રહી.

## 'કેડીઓ વર્લ્ડ' પાક્ષિકનું વિમોચન

પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.આ.ઠા.-૨ના મસ્જીદબંદરે અનંતનાથ જિનાલયે ચાતુર્માસ પ્રવેશદિન ૧૭.૭.૧૩ના પ્રસંગે શિરોમણી પ્રકાશન દ્વારા પ્રકાશિત મુંબઇ મહાજનશ્રીનું અધિકૃત પાક્ષિક 'કે.ડી.ઓ. વર્લ્ડ'નું પૂ.સા.શ્રી. જયદર્શિતાશ્રીજી મ.સા.ના હસ્તે વિમોચન કરાયું.

## મહેંદી ક્વીન વીણા નાગડા

'ટાઇમ્સ ઓફ ઇંડિયા'ની રવિવારીય આવૃતિમાં ૧૪.૭.૧૩ના બિઝનેશ ઓફ વેડીંગ (લગ્નોત્સવને ખાસ બનાવવાનો વ્યવસાય) એવા વિશેષ વિભાગમાં લગ્ન સાથે સંકળાયેલા કપડા, ઘરેણાંથી માંડીને મહેંદી સુધીની માહિતી રસપ્રદ રીતે આપવામાં આવી છે.

આમાં મહેંદી વિશે વિશેષ માહિતી આપનારા પાયલ તલવાયરે તેમના લેખ 'મહેંદી દ હર્બ ઓફ લવ (મહેંદી : પ્રેમ જગાવતા પાન'માં મહેંદી ક્વીન વીણા નાગડાને એ ક્ષેત્રના ઓથોરીટી માની એમની પાસેથી મહેંદી કેમ રંગ લાવેથી માંડીને મહેંદીના પ્રકારો ગુલાબ-કમળ-મોગરા આકાર આધારિત મહેંદી નવવધુના શણગાર સાથે સુમેળ સાધતી ઝરદોસી મહેંદી, જોધપુરી કે રાજસ્થાની મહેંદી પેન મહેંદી, અરેબિક મહેંદી આદિની રસપ્રદ માહિતી મેળવી વાંચકો માટે પીરસી છે.

સામાન્ય રીતે મહેંદી આર્ટીસ્ટનું નામ ફિલ્મની ક્રેડીટ લાઇનમાં આવતું નથી. વીણા નાગડાએ વર્ષ ૨૦૧૩માં રીલીઝ 'યે જવાની હૈ દિવાની'ની ક્રેડીટ લાઇનમાં

પ્રથમવખત મહેંદી આર્ટીસ્ટ તરીકે ઉલ્લેખ પામનારા ભાગ્યશાળી બન્યા છે. હોલિવુડ, બોલવુડ અને જાહેરખબરોમાં પોતાની મહેંદી કલાના કામણ પાથરનારા ટૂંકમાં હોલીવુડ જઇ આંતરરાષ્ટ્રીય સેલેબ્રીટી બનવાના છે. પ્ર.સ.ના અભિનંદન.

## હુબલીમાં વરસીતપના આરાધકોનું બહુમાન

હુબલી મહાજન દ્વારા શ્રી સંઘના ૧૪ વરસીતપના આરાધકોનું બહુમાન ૨૮.૪.૧૩ના હુબલી સંઘના પ્રમુખ શ્રી ભરત બી. ખીમજી તથા મહાજનના અન્ય સભ્યો દ્વારા બહોળી ઉપસ્થિતીમાં થયું. તપસ્વીઓનું હાર, શાલ તથા ચાંદીના નારિયેળથી સન્માન કરવામાં આવેલ.

પુ. પંન્યાસ પ્રવર શ્રી હિતચંદ્રસાગરજી મ.સા.ની નિશ્રામાં તપસ્વીઓનું સન્માન કરવામાં આવેલ. પૂ. મ.સા.એ તપની અનુમોદના કરી મહત્વ સમજાવેલ અને વરસીતપમાં જોડાવવા અનુરોધ કરેલ.

આ વરસીતપની આરાધના માટેની પ્રેરણા દેવરત્નસાગરજી મ.સા.ની હતી. કાર્યક્રમની પુર્ણાહુતિ બાદ મહાજનશ્રી તરફથી સકળ સંઘને સ્વામિવાત્સલ્ય જમણ હતું. પ્રારંભે મહાજનના મંત્રીશ્રી ભરત ખીમજી મોમાયાએ તપસ્વીઓનું સ્વાગત કરી તેમના તપની અનુમોદના કરેલ તેમજ શ્રી હિરાચંદ ડુંગરશી દંડે વરસીતપના ઈતિહાસનું વિવરણ કરેલ. કાર્યક્રમની સમાપનમાં મહાજનના સહમંત્રી શ્રી શરદ હેમરાજ મોમાયાએ તપસ્વીઓ તેમજ પધારેલ સંઘના સદસ્યોનો આભાર વ્યક્ત કરેલ.

## હુબલીમાં શિખરબધ્ધ જિનાલય નિર્માણ

દક્ષિણ ભારતના ઈતિહાસમાં અને સમસ્ત જ્ઞાતિ માટે, એક ગૌરવશાળી ઘટના બની, લગભગ ૧૮૦ વર્ષ પૂર્વે, જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશીનાથાના નામે, કર્ણાટકના કુમઠા તથા વાલગીરી ગામે જિનાલય બાંધવામેં આવેલ. ત્યારબાદના સમયગાળામાં ધીમે ધીમે કર્ણાટકના હુબલી તથા ગદગ ગામે વસતી વધતાં, લગભગ ૧૧૦ વર્ષ પૂર્વે બંન્ને ગામોમાં જ્ઞાતિ મહાજનશ્રીઓની સ્થાપના થઇ અને બંન્ને ગામોમાં કેળવણી લક્ષમાં રાખી પ્રથમ ગુજરાતી માધ્યમની સ્કુલોની સ્થાપના થઇ.

ત્યારબાદ ૧૦૬ વર્ષ પૂર્વે હુબલીમાં અને ૯૯ વર્ષ પૂર્વે ગદગમાં જિનાલયોની સ્થાપના થઇ. આ વર્ષે ૧૩.૫.૧૩ના દિને વરાડીયાના શ્રી કરમચંદ આણંદજી વિકમશી પરિવાર દ્વારા, હુબલી મધ્યે, સ્વપુરુષાર્થથી, ઘરની એકદમ સમીપ મુળનાયક શ્રી મુનિસુવ્રત સ્વામી, તોરણીયા શ્રી મલ્લીનાથ ભગવાન તથા શ્રી નમિનાથ ભગવાનની તથા ગણધર ભગવંતો શ્રી ગૌતમસ્વામીજી તથા શ્રી સુધર્માસ્વામીજીની પ્રતિષ્ઠા મહોત્સવસહ, શિખરબધ્ધ જિનાલયમાં થઇ. મહોત્સવ માટે નવાન્હિકા પ્રસંગ ઉજવવામાં આવેલ. આ મહોત્સવ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન થયેલ. ૭-૭ દિવસ સુધીના વિભિન્ન કાર્યક્રમો અનુસાર નવકારશી-બપોરનું જમણ તેમજ ચોવિહારની વ્યવસ્થા કરવામાં આવેલ. ૧૨.૫.૧૩ના અક્ષય તૃતીયાના શુભદિને વર્ષિતપ તપસ્વીઓની શોભા યાત્રા સાથે મુનિસુવ્રતસ્વામીના દીક્ષા નિમિત્તે વરસીદાનનો વરઘોડો પણ સાથેજ રાખવામાં આવેલ. તપસ્વીઓના ઈક્ષુરસ પારણાં તથા એજ રાત્રે મધ્યરાત્રી બાદ શુભ મુહૂર્તમાં પ્રભુજીના અંજન વિધાન-સામુહિક જાપ-પ્રભુજીના પ્રથમ દર્શન-કેવલજ્ઞાન કલ્યાણક તથા નિર્વાણ કલ્યાણકના ૧૦૮ અભિષેક અને ૧૩.૫.૧૩ના સવારના ૬.૧૫ કલાકે શુભમુહૂર્તે પરમાત્મા, ગણધર ભગવંત અને મંગલમૂર્તિ તથા દેવ-દેવીઓની પ્રતિષ્ઠા બાદ શિખર પર ધ્વજ-દંડ તથા કળશ સ્થાપના તેમજ જિનાલય અંગેના શુભ-માણેકસ્તંભની સ્થાપના કરાઇ. બાદ ૧૦.૧૫ કલાકથી "અષ્ટોત્તરી-શાંતિ-સ્નાત્ર" મહાપૂજન તથા ૧૨.૩૦ કલાકથી દાતાઓનું બહુમાન કરવામાં આવેલ. ૧૪.૫.૧૩ના સવારના ૫.૪૫ કલાકે દ્વારા- ઉદ્‌ઘાટન બાદ સત્તરભેદી પૂજા સહ, અનુમોદનીય કાર્યક્રમ-મહોત્સવ અત્યંત સુંદર રીતે પાર પાડવામાં આવેલ.

આ જિનાલય સહ હવે હુબલી નગરમાં શ્વેતામ્બર મુર્તિપૂજક સંઘોના, કુલ અગિયાર જિનાલયો તથા હજુ બે અન્ય જિનાલયો અંગેની શિલાન્યાસ વિધિ થઇ ગયેલ છે. ઉપરોક્ત જિનાલયની પ્રેરણા આપનાર અચલગચ્છાધિપતી તપસ્વીરત્ન પૂ.આ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાધારિણી બા.બ્ર. પુ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા. તથા આ પ્રતિષ્ઠા મહોત્સવમાં ગચ્છાધિપતીશ્રી પુ.શ્રી ભુવનભાનુ સૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય આચાર્ય દેવ શ્રી અજિતશેખર સૂરિશ્વરજી મ.સા. આ.ઠા. તથા અચલગચ્છાધિપતીશ્રીના આજ્ઞાવર્તી પુ.સા.શ્રી સમયગુણાશ્રીજી મ.સા. તથા પુ.સા. શ્રુતગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં અત્યંત ભવ્ય રીતે પૂર્ણ થયેલ.

હુબલી નગરમાં વસતાં, જૈન ભાવિકો માટે ઘરની પાસે ભવ્ય ભવ્ય જિનાલયો હોતા, વિભિન્ન સંઘોના પરિવાર દેવ-દર્શન પૂજા ઇત્યાદિનો લાભ લેતા રહે છે.

આવા માંગલિક સ્થાનોની પ્રત્યક્ષતા અને શ્રી સંઘોની શાસન સેવા માટે શ્રી સંઘ ખુબ અનુમોદના કરે છે.

## હુબલીમાં જિનાલયની ૧૦૬મી ઉજવણી

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, હુબલી દ્વારા ઇ.સ.૧૯૦૮માં બંધાયેલ જિનાલયની વરસગાંઠ ૧૫.૬.૧૩ જેઠ સુદ-૬ના દિને ઉજવવામાં આવેલ.

પુ. અચલગચ્છાધિપતીશ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાધારિણી પુ. સમયગુણાશ્રીજી મ.સા. તથા પુ. શ્રુતગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ૧૪.૬.૧૩ના બપોરના ૧૨.૪૧ કલાકે અઢાર અભિષેકનો કાર્યક્રમ વિધિકાર શ્રી મુલચંદભાઇ દેઢીયા (ડોંબિવલી) દ્વારા સુંદર રીતે સકળ શ્રી સંઘની ઉપસ્થિતિમાં પૂર્ણ કરવામાં આવેલ.

૧૫.૬.૧૩ના સવારના ૭.૩૦ વાગે દશ-દિકપાલ આમંત્રણ સામુહિક સ્નાત્ર પૂજા બાદ સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. નવમી પૂજા બાદ "ધ્વજારોહણ" વિધિપૂર્વક કરવામાં આવેલ. મુળનાયક શ્રી અજિતનાથ જિનાલયની મુખ્ય ધ્વજાના ભાગ્યશાળી સૌ. ભાનુમતીબેન કરમચંદ આણંદજી વિકમશી પરિવાર, જિનાલય રંગમંડપની ધ્વજાના ભાગ્યશાળી શ્રી હેમરાજ કાનજી મોમાયા પરિવાર તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયની ધ્વજાના ભાગ્યશાળી શ્રી નારાણજી શામજી મોતા પરિવાર હતા. સત્તરભેદી પૂજા, શાંતિ સ્નાત્ર બાદ દશ-દિક્પાલ વિસર્જનની વિધિ પૂર્ણ થયા બાદ, સકળ શ્રી સંઘ માટે સ્વામીવાત્સલ્ય જમણવારનો લાભ લેવા વિનંતી કરવામાં આવેલ.

સમસ્ત કાર્યક્રમ અને રાતના ૮ વાગે પ્રભુજીની આંગી દર્શનનો તથા આરતીનો લાભ લેવા, સારી સંખ્યામાં ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## કે.ડી.ઓ. સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી ક્લબ

ક્લબના સભ્યો ૨ થી ૪.૭.૧૩ ૩ દિવસના શાહપૂર, ગોટી, ભંડારદારા, દેવલાલી, નાસિકના યાત્રા પ્રવાસે ગયા હતા.

શાહપૂરના ભવ્ય માનસ મંદિરમાં દર્શન પૂજા કરી ત્યાંથી સિન્નર પાસે આવેલ ગારગોટીના અદભુત ખનિજનું મ્યુઝીયમ જોયું. ગોટી દેરાસરમાં દર્શન કરી ભોજન લઇ સાંજના ભંડારદારાના કાંઠે ફર્યા અને ફોટા પાડ્યા. રાત્રે દેવલાલીના અનંત આરોગ્ય નિધિમાં રોકાયા.

૩જીના સવારે દેવલાલીના શ્રી શાંતિનાથ દેરાસરમાં દર્શન પૂજા કરી. ત્યાંથી શિરડી શ્રી સાઇબાબાના દર્શન ક્ર્યા અને દેવલાલીમાં વસતા જ્ઞાતિજનોને મળ્યા.

૪ની સવારે નાસિકના દેરાસરોના તથા ત્ર્યંબકેશ્વરના દેવસ્થાનમાં દર્શન ક્ર્યા. જ્યાં ભોજન લઇ વાડા થઇ મનોર આવી હોટલમાં વાળું ક્ર્યું. ત્યાંથી નાયગામ પાસે શ્રી મંગલ પ્રભાત લોઢાએ બનાવેલ ભવ્ય શ્રી સિમધરસ્વામી દેરાસરમાં દર્શન કરી મુંબઇ પાછા ફ્ર્યા. આગામી પ્રવાસ - ૨૦.૯.૧૩ થી ૮ દિવસ ભોપાલ ઝાંસી, ગ્વાલિયર, ઓરછા, ખજુરાહો છે. સંપર્ક : રતિલાલભાઇ - ૯૮૩૧૧૯૪૭૭, વનિતાબેન - ૯૮૨૦૮૧૦૪૯૯.

## ચાલીસગામ જિનાલયે ધ્વજારોહણ

અત્રે પદમપ્રભસ્વામીની ૧૦૬મી વર્ષગાંઠ જેઠ સુદ ૧૩ના આનંદ, ઉલ્હાસથી તથા ઉમંગથી ઉજવવામાં આવી.

સવારના ૭.૩૦ વાગે સ્નાત્રપૂજા બાદ ૮.૩૦ વાગે સત્રભેદી પૂજા સકલસંઘની બહેનોએ ભણાવેલ. શિખરની ધ્વજા ચઢાવવાનો લાભ માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયાએ રૂા.૫૦૦૧માં લિધેલ. ઘુમટજીનો ચઢાવો સ્વ. પ્રિયવંદાબેન મેઘજી ધરમશી (તારદેવ), સ્મરણાર્થે રૂા.૨૦૫૧માં લિધેલ.

ધ્વજા ચઢાવ્યા બાદ સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ. કાયમી સ્વામિવાત્સલ્ય શ્રીમતી રતનબાઇ વિશનજી નાગડા (સાંધવ) તરફથી તેમજ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ચાલીસગામ તરફથી તેમજ શ્રીમતી દમયંતીબેન પદમસી ખોના (કોચીન) તરફથી રાખવામાં આવેલ.

બુધવારના ગરીબોને જમણ આ વખતે સ્વ.શા. લક્ષ્મીચંદ કેશવજી માડણ લોડાયાની સ્મૃતીમાં તેમજ સ્વ. પ્રિયવંદાબેન મેઘજી વેલજી ધરમશી એમના સ્મરણાર્થે રાખવામાં આવેલ. ઉપરોક્ત કાર્યક્રમમાં સંઘના ભાઇ બહેનોની હાજરી સારી સંખ્યામા હતી.

## કોઠારાતીર્થે ચાતુર્માસ પ્રવેશ

અત્રે પૂ.સા.જયકીર્તિશ્રીજી મ.સા. આ.ઠા.નો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ-૨, ૯.૭.૧૩ના સવારના ૯.૩૦ રવારે ભવ્ય સામૈયાથી થયેલ. જેમાં વરાડીયા, સાંયરા, સુથરી, સાંધવ વાંકુ રાપરગઢ વગેરે ગામેથી સારી સંખ્યામાં ભાવિકોની હાજરી રહી.

સવારના નવકારશી તથા બપોરના સ્વામીવાત્સલ્ય જમણ શ્રી કોઠારા જૈન સંઘ તરફથી

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર
(વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

રાખવામાં આવેલ. રૂા.૬૦નું સંઘપૂજન થયેલ. કોઠારાવાસી સારી સંખ્યામાં મુંબઇથી પધારેલ.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ કોઈમ્બતુર

સંઘની વાર્ષિક સામાન્ય સભા ૨૯.૬.૧૩ના ગુજરાતી સમાજ ખાતે મળેલ. સભાની શરૂઆત પ્રાર્થનાથી થઇ. ગત વર્ષે દેવશરણ પામેલ સભ્યોને શ્રધ્ધાંજલી આપવામાં આવેલ. આગામી ત્રણ વર્ષ (૨૦૧૩ થી ૨૦૧૬) માટે નીચે મુજબના સભ્યોની સર્વાનુમતે કારોબારી માટે નિમણુંક કરાઇ.

શ્રી નીતિન કાનજી લોડાયા (મેનેજીંગ ટ્રસ્ટી), શ્રી પ્રદીપ રતીલાલ લોડાયા (ટ્રસ્ટી), શ્રી ડેની ચીમનલાલ લાલકા (ટ્રસ્ટી), શ્રી લીતિન નવિનચંદ્ર લોડાયા (ટ્રસ્ટી), શ્રી ભાવેશ દિનેશ લોડાયા (ટ્રસ્ટી).

ત્યારબાદ નૂતન જિનાલયના બાંધકામની બાબતમાં ચર્ચા વિચારણા કરવામાં આવેલ. આ વર્ષે સંઘને પ્રવચન પ્રભાવક પૂ. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.ના ચોમાસાનો લાભ મળેલ છે તેમાં સેર્વે સભ્યોને તન મન ધનથી લાભ લેવા વિનંતી કરાયેલ.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનની પાંત્રીસમી વાર્ષિક સામાન્ય સભા યોજાઇ પ્રમુખ શ્રી અનિલ ડાઘાએ સૌનું સ્વાગત કરેલ. વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૫ બે વર્ષ માટે નીચે મુજબની કાર્યવાહીક કમિટિની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ.

શ્રી પ્રદિપ રતિલાલ લોડાયા (પ્રમુખ), શ્રી ડેની ચીમનલાલ લાલકા (ઉપપ્રમુખ), શ્રી લીતિન નવિનચંદ્ર લોડાયા (માનદ્મંત્રી), શ્રી ભવિક કીર્તિભાઇ મોમાયા (સહ-માનદ્મંત્રી), શ્રી સંદીપ સુરેશ મૈશેરી (ખજાનચી), શ્રી નયન અનિલ નાગડા (સહખજાનચી), કારોબારી સભ્યો શ્રી જયેશ હિમંતલાલ લોડાયા, શ્રી કુમારપાળ કિશોર ડાઘા, શ્રી સંજય હિરાચંદ ખોના, શ્રીમતી પ્રિતી નીતિન લોડાયા, શ્રીમતી કિન્નરી ભાવેશ લોડાયા.

કો-ઓપ સભ્યો : શ્રી જીતેન ચીમનલાલ દંડ, શ્રી રમેશ દામજી લોડાયા, શ્રી ભાવેશ દિનેશ લોડાયા, શ્રી નિશિત કમલેશ નાગડા, શ્રી કાર્તિક પ્રવિણ મોમાયા, શ્રીમતી પ્રિતી ભૂપેન મૈશેરી, શ્રીમતી સોનલ મનિષ મૈશેરી, શ્રીમતી દીપા ભાવિક મોમાયા, શ્રીમતી રચના જયેશ લોડાયા.

અસોસીયેટ સભ્યો : શ્રી કવિશ ચંપકલાલ શાહ, શ્રી રાજીવ દિપક દેસાઇ અંતમાં સહમાનદમંત્રી શ્રી ભવિક મોમાયાએ આભારવિધી કરેલ. ત્યારબાદ મહાજન આયોજીત જમણ લઇ સહુ છુટા પડેલ

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ગદગ

પૂ.સા. સમયગુણાશ્રીજી મ.સા. તથા પૂ. શ્રુતગુણાશ્રીજી મ.સા. હુબલીથી વિહાર કરી અત્રે ૨૧.૬.૧૩નાં પધાર્યા. મહાવીર સર્કલ પાસે એમનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું. વાજતે-ગાજતે શોભાયાત્રા કાઢવામાં આવી. દરરોજ સવારનાં એમનું વ્યાખ્યાન હતું. ૧.૭.૧૩નાં પૂજ્યશ્રીઓએ હુબલી તરફ વિહાર ર્ક્યો.

૨૩.૬.૧૩નાં શ્રી વર્ષીતપ તપસ્વી સંઘ (૨૦૧૨-૧૩) તરફથી વર્ષીતપ નિમિત્ શ્રી આદીનાથ ભગવાનની મૂર્તિ શ્રી ક.દ.ઓ. જૈન દેરાસરને અર્પણ કરવાનો કાર્યક્રમ મહાજનશ્રીની નિશ્રામાં એમનાં તરફથી ધામધૂમથી ઉજવાયો. તે દિવસે સવારનાં પૂ. સાધ્વીજી મ.સા.ની નિશ્રામાં મહાવીર સર્કલથી શ્રી આદીનાથ ભગવાનની મૂર્તિસહ શોભાયાત્રા સાથે વાજતે-ગાજતે દેરાસરમાં પધરાવવામાં આવી. ત્યારબાદ ભાવના ભાવવામાં આવી હતી. આ નિમિત્તે વર્ષીતપ તપસ્વી સંઘ તરફથી મહાજનશ્રીને રૂા.૩૩,૩૩૩ ભેટ આપવામાં આવ્યા. એક સોનાનો હાર શા. સુંદરજી દેવજી ગોસર તરફથી સ્વ. શ્રીમતી ગુણવંતીબેન સુંદરજી ગોસરનાં સ્મરણાર્થે તથા શ્રી આદેશ્વર ભગવાનની મૂર્તિની પધરામણી નિમિત્તે મહાજનશ્રીને ભેટ અપાયેલ. બપોરના તપસ્વી સંઘ તરફથી સકળ સંઘને નાઠીગુઠી જમણનું આયોજન હતું. ૨૦૬.૬.૧૩નાં શ્રી વર્ષીતપ તપસ્વી સંઘ તરફથી શ્રી આદીનાથ પંચકલ્યાણક પૂજા ભણાવાઇ હતી. શ્રીમતી જવેરબાઇ વીરજી ગાલા પરિવાર તરફથી તથા કુ. ઉર્વી જીતેન નાગડા તરફથી શ્રી આદેશ્વર ભગવાનની મૂર્તિની પધરામણી નિમિત્તે એક-એક સોનાની વીંટી મહાજનશ્રીને ભેટ અપાઇ હતી.

## હૈદરાબાદમાં ચાતુર્માસ પ્રવેશ

કાચીગુડા સ્થિત શ્રી અચલગચ્છ જૈન સંઘ સંચાલિત શ્રી શાંતિનાથ જીનેશ્વરધામ દેરાસરે પૂ.સા. વિજયપૂર્ણાશ્રીજી, વિરાગપુર્ણાશ્રીજી અને ચંદ્રસુધાશ્રીજી


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


### હાર્દિક અભિનંદન

શ્રી મણીકાંત મેઘજી મોમાયા અને સૌ. લતાબેન મણીકાંત મોમાયા (વરાડીયા-હૈદરાબાદ) ગૌરવ કેટરર્સને મળેલ એવોર્ડ બદલ હાર્દિક અભિનંદન..

- તન-મન પરિવાર


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

આ.ઠા.-૩નું ચાતુર્માસ પ્રવેશ ૧૪.૭.૧૩ સકલ સંઘના ભવ્ય સામૈયા થયો.

આ અવસરે સકલ સંઘની બહોળી હાજરી રહી. આ શોભાયાત્રા સવારે ૮ વાગે શ્રીમતી રતનબેન કલ્યાણજી ગોસરના નિવાસથી નિકળીને ૯ વાગે શાંતિનાથ દેરાસરે પહોંચી. સકલ સંઘના સમૂહ ચૈત્યવંદન બાદ પૂજ્યશ્રીએ માર્મિક પ્રવચન કરેલ. ત્યારબાદ ચાતુર્માસ સંઘપતી બનવાના અને સૂત્ર-ચરિત્ર વહોરવવાના ચઢાવા બોલાવાયા.

નવકારશી શ્રીમતી મંજુલાબેન ડી. મહેતા પરિવાર તરફથી હતી. પ્રવેશ દિને આયંબિલના લાભાર્થી માતુશ્રી રાજબાઇ લીલાધર નાગડા પરિવાર હતા. એમણે ચાતુર્માસ સંઘપતી બનવાનો પણ લાભ લીધેલ. સૂત્ર વહોરાવવાનો લાભ શ્રી રામજી જીવરાજ નાગડા, ચરિત્ર વહોરાવવાનો લાભ શ્રીમતી લક્ષ્મીબેન મણીલાલ નાગડા અને ગુરૂપૂજન માતુશ્રી શાંતાબેન હિરજી ગોશર પરિવારે લીધેલ. પંચજ્ઞાન પૂજાના ચડાવા બોલાવાયા. દાતાઓએ ઉદાર દિલે લાભ લીધા.

પૂજ્યશ્રીએ ચાતુર્માસનો મહિમા સમજાવી ધર્મ જાગૃતી લાવવા પ્રેરણા કરી. કર્મનિર્જરા માટે પ્રમાદ વગર આરાધના કરવા ભલામણ કરી. આ પ્રસંગે સંઘના સર્વે કાર્યકરોએ વ્યવસ્થા સંભાળી હતી.

## સખી વૃંદ - પુના

સખીવૃંદ દ્વારા ૧૫ જૂનના સૌ. શ્વેતા જ્ઞાનેશ ડાગાના ઘરે કાર્યક્રમ યોજાયેલ. જેમાં સાયન્સ અને ધર્મ એકમેક સાથે કેવા સંકળાયેલા છે તે વિષેની સમજણ આપતી ફિલ્મ 'એક ચિજ મિલેગી Wonderful' શિર્ષક હેઠળ દર્શાવાઇ. સભ્યોને આ રસપ્રદ ઉપયોગી ફિલ્મથી ઘણી માહિતી મળી.

## રાયચુરમાં કચ્છી નવા વરસની ઉજવણી

અત્રે નવા વરસની ઉજવણી પ્રેસીડેન્ટની હાજરીમાં આરાધક મંડળ તરફથી અષ્ટપદ તીર્થની ભાવયાત્રા દ્વારા કરાવાઇ. શ્રીમતી ધનલક્ષ્મીબેન તથા પૂર્ણીમાબેને આરાધના કરાવી. કાર્યક્રમમાં જ્ઞાતિના સર્વે સભ્યો તથા રાજસ્થાની ભાઇ-બહેનો પધારેલ. બધાને ખૂબજ આનંદ થયો. શ્રીમતી ટીનાબેને રમત રમાડી. વિજેતાઓને ઇનામ અપાયા. મંડળની બહેનો તરફથી અલ્પાહારનો લાભ લઇ બધા છૂટા પડ્યા.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુન્ડ

મંડળ દ્વારા જ્ઞાતિનાં વિદ્યાર્થીઓને દર વર્ષે SSCથી હાયર એજ્યુકેશન માટે વિનામુલ્યે પુસ્તકો અપાય છે. ગતવર્ષ લાભ લેનારાઓએ પોતાના પુસ્તક વહેલામાં વહેલી તકે મંડળમાં પરત આપી જવા જણાવાયું છે.

આ વર્ષે જ્ઞાતિછાત્રોનું સરસ્વતી સન્માન યોજાશે. વિદ્યાર્થીઓએ પોતાના ઓરીજીનલ રીજલ્ટ સાથે ઝેરોક્ષ કોપી લઇ મંડળનાં વહીવટી કાર્યાલયમાં ૧૧.૮.૧૩ સુધી દર રવિવાર સવારનાં ૧૧ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન ફોર્મ ભરી જવા અનુરોધ છે. ધોરણ ૧ થી ૫ માટે 85%, ધોરણ. ૬ થી ૯ માટે 70%, SSC માટે 80%, **XI** અને **XII** માટે 70% અને એનાથી ઊપર માટે 60% અને ગ્રેજ્યુએટ માટે 50%.

મંડળ દ્વારા પ્રકાશિત સરનામા પુસ્તીકા (એડ્રેસબુક) મુલુન્ડના જ્ઞાતિજનો જે હજી સુધી લઇ ન ગયા હોય તેઓ રવિવાર ૨૭.૮.૧૩નાં સવારે ૧૧થી ૧૨.૩૦ દરમ્યાન મંડળનાં કાર્યાલય શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, કસ્તુરબા રોડ, મુલુન્ડ (વે)માંથી લઇ જવા જણાવાયું છે.

## આકોલા નગરે મંગલ ચાતુર્માસ પ્રવેશ

આકોલા નગરે શ્રી સર વિસનજી ત્રીકમજી નાઇટ દ્વારા નિર્મિત ત્રણ માળનું શ્રી આદીનાથદાદાનું ભવ્ય જિનાલય શોભી રહ્યું છે. વિદર્ભના હૃદયસ્થાન આકોલા નગરે આ વર્ષે આ પૂ. દર્શનવલ્લભવિજયજી મ.સા. આ.ઠા.-૪ તથા પૂ.સા.શ્રી રાજરત્નાશ્રીજી મ.સા.આ.ઠા.-૯ તથા પૂ.સા.શ્રી સમ્યગદર્શનાશ્રીજી આ.ઠા. ૨નું ૧૪.૭.૧૩ના ચાતુર્માસ પ્રવેશ થયેલ. ચાતુર્માસની વિશેષ આરાધના રૂપે શ્રી ધર્મચક્ર તપની સમુહ આરાધના પૂજ્યશ્રીની નિશ્રામાં કરાવવામાં આવશે. ૮૨ દિવસના ધર્મચક્ર તપમાં લગભગ ૨૦૦ થી ૨૫૦ તપસ્વીઓ જોડાશે. આકોલા સંઘમાં અનેરો ઉમંગ ઉલ્લાસ છે. આ ચાતુર્માસ યાદગાર બની રહેશે.

## સુરતમાં પુ.સર્વોદયસાગરજી મ.સા.

સુરત શહેરમાં ચાતુર્માસાર્થે પૂ.મૂનિ સર્વોદયસાગરજી આ.ઠા.-૩ ૨૧.૭.૧૩ના સવારે ૮.૩૦ વાગે સકલ સંઘના સામૈયા સહ પ્રવેશ કરશે. ચાતુર્માસ સ્થળ : શ્રી શાંતિનાથ જિનાલયે, મોડેલ ટાઉન, પરબત પાટીયા-સુરત, પૂજ્યશ્રી ૪૦ દિવસીય સાર્વજનિક પ્રવચનમાળા અને શ્રી નવકાર મંત્ર લબ્ધિકળશ યાત્રા કરાવશે. ચાતુર્માસમાં દર રવિવારે વિવિધ પુજન અનુષ્ઠાન, તપ-જાપ મંત્ર સાધના-આરાધના, સર્વધર્મ સદ્ભાવ સભા, આગમ પરિચય, યુવા શિબિર, જનકલ્યાણાર્થે કેમ્પ, વિવિધ સ્પર્ધાઓ, રાત્રે ભાવના વગેરે રહેશે. પ્રવેશદિને સામાજિક ધર્મ, રાજકીય સેવા પ્રદાન કરનાર ૧૦૮ વ્યક્તિ વિશેષોનું 'સર્વોદય સેવા સન્માન ૨૦૧૩' કાર્યક્રમ છે. અચલગચ્છસંઘ સુરતના ઉપક્રમે સંઘ સ્વામીવાત્સલ્ય છે જેનો લાભ દાતા શ્રી બોહરા પરિવારે લીધેલ છે.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **માણેકજી નેણશી દંડ** | ૫૦૩ લોટસ, ૩૫૩/૨ એ, આર.બી.મહેતા માર્ગ, ઘાટકોપર (ઇ), મુંબઇ-૭૭. |
| **હેમેન્દ્ર એસ. નાગડા** | ૪, શ્યામનારાયણ પાટીલ ચાલ, ગરીબાચાવાડા, ફુલે રોડ, ડોંબિવલી (વે) - ૪૨૧૨૦૨ |
| **ધીરેન ગોવિંદજી મોમાયા** | એ-૧૬૦૧, છેડા હાઇટ્સ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), મુંબઇ-૭૮ |
| **તેજસ લક્ષ્મીચંદ લુઠીયા** | સિદ્ધાર્થ રેસીડેન્સી, ૬/૨, બલરામ બોઝ ૧લી લેન, ભવાનીપુર, કલકત્તા-૨૦ ફોન : 9831035097 |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **દિનેશ ચાંપશી લુઠીયા** | રાયપુર | **08516070392** | **પુષ્પા દિનેશ લુઠીયા** | રાયપુર | **09713951666** |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬.૬.૧૩ | હુબલી | TRDD030103 | અમિત હિરાચંદ ડુંગરશી દંડ | તેરા | ૩૫ |
| | યવતમાલ | NLDH012603 | જેસલ હિતેશ વર્ધમાન ધરમશી | નલીયા | ૨૫ |
| ૨૭.૭.૧૩ | નાંદગાવ | LLDD010403 | સિધ્ધાર્થ મુકુંદ ગોવિંદજી દંડ | લાલા | ૨૬ |
| | ભાવનગર | NLLI030604 | પૂજા ધીરેન્દ્ર હેમેન્દ્ર લાપસીયા | નલીયા | ૨૫ |
| ૦૯.૭.૧૩ | કોલકતા | RYLT011603 | નિહાર તેજસ લક્ષ્મીચંદ લુઠીયા | રાયધણજર | ૨૫ |
| | હુબલી | VRMO050704 | નેહા મહેશ પદમશી મોમાયા | વરાડીયા | ૨૦ |

### સગપણ છુટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬.૬.૧૩ | ડોંબિવલી | KRMT | રિતેશ દિનેશચંદ્ર જેઠાભાઇ મોતા | કોઠારા | ૨૯ |
| | અંકલેશ્વર | NCPA020704 | લીનાલી લક્ષ્મીચંદ પદમશી પનપારીયા | નાગ્રેચા | ૨૭ |

### આંતરજ્ઞાતિય સગપણ


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૯.૭.૧૩ | અંધેરી | BYGS010804 | આલાપ જયંતીલાલ રાયશી ગોસર | બાયઠ | ૨૩ |
| | ઘાટકોપર | A | ક્રીના દીપક કનૈયાલાલ પારેખ | થાનગઢ | ૨૩ |
| ૦૩.૬.૧૩ | મુલુન્ડ | JKKN010703 | રાહુલ પ્રમોદ દામજી ખોના | જખૌ | ૩૧ |
| | થાણા | A | અનુજા અનંત સદાશિવ મોરે | રત્નાગિરી | ૨૮ |

### છૂટાછેડા


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯.૪.૧૩ | પુના | RANG070502 | કૌશિક મહેન્દ્ર દેવજી નાગડા | રંગપુર | ૩૪ |
| | પુના | SILO100501 | અમી વિસનજી કુંવરજી લોડાયા | સાંયરા | ૩૩ |
| ૩૦.૫.૧૩ | માટુંગા | JKMO070403 | આનંદ વિનય પ્રફુલ મોમાયા (ઝવેરી) | જખૌ | ૨૮ |
| | સાંતાક્રુઝ | JKLO010603 | હેમાંગી કમલેશ વીરચંદ લોડાયા | જખૌ | ૨૫ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨.૭.૧૩ | - | VRM0180401 | કરમશી પુંજાભાઇ ધારશી મોમાયા | વરાડીયા | ૮૩ |
| ૦૩.૭.૧૩ | અમેરિકા | KRKN011302 | મોનાબેન (મીનાબેન) હરીશ ચાંપશી પાલાણી | કોઠારા | ૬૧ |
| ૧૭.૭.૧૩ | ભાંડુપ | KRLO080101 | માણેકજી ધનજી નરપાર લોડાયા (ચક્ષુદાન) | કોઠારા | ૭૧ |

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

# અષાઢી પુર્ણિમા - ગુરૂપુર્ણિમા નિમિત્તે

## ગુરૂદેવ પ.પૂ.યતિ શ્રી મોતીસાગરશ્રીજી મ.સા.ને કોટી કોટી વંદન









## ગુરૂ ચરણ પુજતા ચૌદ લોક પૂજાય.

ભાવ વંદના - માતુશ્રી મુરબાઈ વિશનજી શિવજી લોડાયા (બાંઢીયા) મુલુંડ

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 , day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

उपर जिसका अंत नही, उसे आसमाँ कहते हैं,
जहाँ में जिसका अंत नहीं, उसे माँ कहते हैं ।

## પ્રથમ પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ



જન્મ
તા.૯.૨.૧૯૪૨

અરીહંતશરણ
તા.૨૦.૭.૨૦૧૨

## સ્વ. વિજ્યાબેન ડુંગરશી શામજી લાપસીયા (દલતુંગી)

તમે પ્રેમ અને કરૂણાંનું ઝરણું બની, ભીંજાવી ગયા સૌના જીવનને,
અમને આજેય ભીંજાવી રહી છે, સ્મૃતિઓ આપના સ્નેહાળ જીવનની.
હતા તમે સ્નેહના સાગર, અમીરસ અમે સૌ પીધાં,
સીંચીને સંસ્કાર તમે, સંતાનોનાં જીવન ઘડતર કીધા.
આપે ચિંધેલા માર્ગે અમો સદાય ગતિશીલ રહીએ એજ આપને શ્રધ્ધાંજલિ...

આપની અમર સ્મૃતિમાં પરિવારજનો...

**શ્રી ડુંગરશી શામજી લાપસીયા**

પુત્ર-પુત્રવધુ

અ.સૌ. જયશ્રી પરેશ લાપસીયા
અ.સૌ. પ્રજ્ઞા દિલીપ લાપસીયા
અ.સૌ. વર્ષા સોમચંદ લાપસીયા

પૌત્ર-પૌત્રી : અંકિત, જીજ્ઞેશ, ધવલ અને માનસી
દિકરી-જમાઇ : કલાબેન કિશોર લોડાયા અ.સૌ. રેખા ભાવેશ શિયાલ
દોહિત્ર-દોહિત્રી : સ્વ. સમીર, ઉર્વેશ, લતીકા અને કાજલ કલ્પેશ દંડ
પરદોહિત્ર : મોક્ષીત હર્ષીત દંડ

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**